PRGI No. GUJGUJ/2008/26148
Volume : 18
Issue : 300
Dt.: 11-07-2026, Saturday
Page : 04
Rs.00.50 paisa



# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

# આઠ સૈનિકોના મોત બાદ ભડક્યું ઈરાનઃ કોઈ પણ અમેરિકન સૈનિક જીવતો પરત ફરશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકાએ હવે ઈરાન પર નવા હુમલાઓ કર્યા છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ત્રણ વ્યાપારી જહાજો પર ઈરાની હુમલાઓ બાદ અમેરિકા છેલ્લા ત્રણ દિવસથી દરરોજ ઈરાની શહેરો, નગરો અને માળખાગત સુવિધાઓ પર હુમલો કરી રહ્યું છે.

હવે ઈરાનના કોનારકમાં ઈરાની નૌકાદળના મથક પર હુમલાના અહેવાલો છે. IRGC સાથે જોડાયેલી ફાર્સ ન્યૂઝ એજન્સી અનુસાર, ગઈકાલે રાત્રે અમેરિકાના હવાઈ હુમલામાં કુલ આઠ ઈરાની વાયુસેના અને નૌકાદળના સૈનિકોના મોત થયા હતા.

ઈરાનની એક ન્યૂઝ એજન્સીએ સ્થાનિક અધિકારીઓએ ટાંકીને આ હુમલાની જાણકારી આપી હતી. ઈરાની સમાચાર એજન્સી મેહર અનુસાર, દક્ષિણ ઈરાની શહેરો બંદર અબ્બાસ, બુશેહર અને ચોગાદકમાં પણ અનેક વિસ્ફોટ થયા. મેહર અનુસાર, બંદર અબ્બાસમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા હતા. બુશેહર અને ચોગાદકમાં કુલ છ વિસ્ફોટ થયા. બુશેહર પ્રાંતની આસપાસ પણ વિસ્ફોટો સંભળાયા હતા. મેહરે કોનારક શહેરમાં પણ ત્રણ વિસ્ફોટોની જાણ કરવામાં આવી. જોકે, ઈરાનની સરકારી સમાચાર એજન્સી ઈરનાએ બંદર અબ્બાસમાં વિસ્ફોટના અહેવાલોને નકારી કાઢ્યા છે. એક અધિકારીને ટાંકીને IRNAએ જણાવ્યું હતું કે બુશેહર શહેરની બહારના ભાગમાં આવેલા લશ્કરી થાણા પર યુએસ અને ઈઝરાયલી પ્રોજેક્ટાઈલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

શહેરમાં સંભળાતા વિસ્ફોટો એર ડિફેન્સ બદલો લેવાને કારણે થયા હતા. ઝદ્દ્ર અહેવાલ આપે છે કે અમેરિકાએ ઈરાન પર કોઈ નવા હુમલા શરૂ કર્યા નથી. ઈરાનમાં તાજેતરની યુએસ લશ્કરી કાર્યવાહી વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી. વાતચીતની વિગતો આપતાં ઈઝરાયલી વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓ બંને દેશો વચ્ચે સંકલન ચાલુ રાખવા સંમત થયા હતા. ટ્રમ્પે નેતન્યાહૂને ગલ્ફમાં તાજેતરની યુએસ કાર્યવાહી વિશે માહિતી આપી હતી.

નેતન્યાહૂએ ઈઝરાયલના અસ્તિત્વ અંગે તુર્કીના રાષ્ટ્રપતિના તાજેતરના નિવેદનોને ગંભીર ગણાવ્યા હતા અને દેશની સરહદ પર સુરક્ષા ક્ષેત્રની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે હોર્મુઝમાં કોમર્શિયલ જહાજો પર ઈરાનના હુમલા પછી ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું હતું કે તેહરાન સાથે ઈસ્લામાબાદ એમઓયુ સમાપ્ત થઈ ગયો છે. ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની હાકલ કરી. ત્યારબાદ યુએસ સેનાએ બંદર અબ્બાસ અને સીરિક સહિત અનેક ઈરાની શહેરો પર હુમલો કર્યો. તાજેતરના અમેરિકાના હુમલામાં ૧૪ લોકો માર્યા ગયા હતા જ્યારે ૭૮ અન્ય ઘાયલ થયા.

## સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણયઃ ૧૨%થી વધુ આલ્કોહોલવાળી દવા હવે પ્રિસ્ક્રિપ્શન વગર નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં કફ સિરપ અને હેલ્થ ટોનિકનો નશાના રૂપમાં થઈ રહેલા ગેરઉપયોગને રોકવા માટે કેન્દ્ર સરકારે એક મોટું અને અત્યંત કડક પગલું ભર્યું છે. સરકારે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫માં મોટો સુધારો કરીને વધુ પ્રમાણમાં આલ્કોહોલ ધરાવતી આવી તમામ પ્રવાહી (ઓરલ લિક્વિડ) દવાઓને શેડ્યૂલ H1 (Schedule H1) કેટેગરીમાં મૂકી દીધી છે. સરકારના આ ઐતિહાસિક નિર્ણય બાદ હવે આવી દવાઓ મેડિકલ સ્ટોરના કાઉન્ટર પર ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના ખુલ્લેઆમ વેચી શકાશે નહીં.સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવા નિયમો અનુસાર, જો કોઈ પ્રવાહી દવા બે મુખ્ય શરતો પૂરી કરતી હશે, તો તે હવેથી કડક દેખરેખના દાયરામાં આવી જશે. પ્રથમ શરત એ છે કે જે દવા ૩૦ mlથી મોટી પેકિંગમાં આવતી હોય અને બીજી શરત એ કે જેમાં ઈથાઈલ આલ્કોહોલનું પ્રમાણ ૧૨%થી વધુ હોય. આ બંને માપદંડો હેઠળ આવતી તમામ સિરપ અને ટોનિકને હવેથી શેડ્યૂલ H1ની યાદીમાં સામેલ કરી દેવાઈ છે. આ એ જ સંવેદનશીલ યાદી છે જેમાં ઊંઘની ગોળીઓ અને ભારે પેઈનકિલર્સ રાખવામાં આવે છે.

નવા કાયદા અંતર્ગત સરકારે શેડ્યૂલ Kમાં પણ મોટો ફેરફાર કર્યો છે. અગાઉ આ કેટેગરી હેઠળ કેટલીક દવાઓને નિયમો અને વેચાણમાં જે વિશેષ છૂટ મળતી હતી, તે હવે 30 mlથી મોટી અને ૧૨%થી વધુ આલ્કોહોલ ધરાવતી ઓરલ દવાઓ પર લાગુ પડશે નહીં.

આ ફેરફાર પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય આવી દવાઓના ઉત્પાદનથી લઈને મેડિકલ સ્ટોરના કાઉન્ટર સુધીની આખી સપ્લાય ચેઈન પર બાજ નજર રાખવાનો છે.અત્યાર સુધી મેડિકલ સ્ટોર્સ પર કફ સિરપ કે ટોનિક કોઈપણ પૂછપરછ વગર સરળતાથી મળી જતા હતા, પરંતુ હવે શેડ્યૂલ H1માં આવી જવાથી નિયમો સંપૂર્ણ બદલાઈ જશે. હવેથી ગ્રાહકે આ દવા ખરીદવા માટે ફરજિયાત ડૉક્ટરનું લખાણ બતાવવું પડશે. આ ઉપરાંત, દુકાનદારે આ દવા કોને વેચી તેનો સંપૂર્ણ રેકોર્ડ રાખવો પડશે અને કંપનીઓએ બોટલ પર ચેતવણીનું લેબલ લગાવવું પણ અનિવાર્ય બનશે. યુવાધનમાં નશાના દૂષણને અટકાવવા માટે આ પગલું લેવાયું છે. આ કડક નિયમનો ડ્રાફ્ટ ઓક્ટોબર ૨૦૨૫માં જ જનતા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને વાંધા સૂચનો માટે ૩૦ દિવસનો સમય અપાયો હતો.

## ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને ૩ મહિનાની જેલઃ દિલ્હી હાઈકોર્ટે સંભળાવી સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બોલીવૂડ અભિનેતા રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં દિલ્હી હાઈકોર્ટે ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે. વારંવાર તક આપવા છતાં રાજપાલ યાદવ શરતોનું પાલન ન કરતા કોર્ટે નીચલી અદાલતનો ચુકાદો યથાવત રાખ્યો છે.

જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માની બેન્ચે જણાવ્યું કે, અદાલતે રાજપાલ યાદવને તેમના દ્વારા આપવામાં આવેલા વચનનું પાલન કરવા માટે અનેક વખત તક આપી હતી, તેમ છતાં તેઓ અદાલતના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી હાઈકોર્ટે અભિનેતા રાજપાલ યાદવને સાત ચેક બાઉન્સ કેસમાં ત્રણ મહિનાની સાદી કેદની સજા ફટકારી છે. કોર્ટે આદેશ આપ્યો છે કે, સજાઓ એકસાથે ચાલે એટલે કે તેને કુલ ત્રણ મહિના જેલમાં રહેવું પડશે.

કોર્ટે દરેક કેસમાં ૧.૦૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આમ, સાતેય કેસની વાત કરવામાં આવે તો કુલ દંડ ૭.૩૫ કરોડ રૂપિયા થાય છે. કોર્ટના આદેશ મુજબ દરેક કેસમાં રૂ.૧,૦૪,૭૫,૦૦૦ ફરિયાદીને અને ૨૫,૦૦૦ રૂપિયા રાજ્યને ચૂકવવાના રહેશે. ઉલ્લેખનીય છે કે રાજપાલ યાદવ વર્ષ ૨૦૧૨ માં આવેલી ફિલ્મ 'અતા પતા લાપતા' સાથે જોડાયેલા ચેક બાઉન્સ કેસમાં તિહાર જેલમાં બંધ હતો.

ચેક બાઉન્સ કેસમાં ૧૨ ફેબ્રુઆરીના રોજ સુનાવણી થઈ હતી, જેમાં માત્ર એક પક્ષની દલીલ સાંભળવામાં આવી હતી અને નવી તારીખ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૬ ફેબ્રુઆરીએ ફરીથી જામીન અરજી પર સુનાવણી થઈ અને જામીન મંજૂર કર્યા હતા. તે દરમિયાન અદાલતે રાજપાલ યાદવને નિર્દેશ કર્યો હતો કે એક્ટર ફરિયાદીનાં ખાતામાં ૧.૫ કરોડ રૂપિયા જમા કરાવે. આ સાથે અભિનેતાએ આદેશ માન્યો અને ૩ વાગ્યા પહેલાં રકમ જમા કરાવડાવી હતી. ત્યારબાદ એક્ટરના જામીન મંજૂર થયા હતા. સોનુ સૂદ અને ગુરમીત ચૌધરી જેવા જાણીતા સિતારાઓએ રાજપાલ યાદવને ખરાબ દિવસોમાં સારી એવી મદદ કરી હતી. આટલું જ નહીં ફિલ્મ ક્રિટીક કેઆરકેએ પણ ૧૦ લાખ રૂપિયાનું વચન આપીને સહાયની ઓફર કરી હતી.

### મોદીએ ઓસ્ટ્રેલિયાના કાયદાના કર્યા વખાણ

## ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનબેરા

શું ભારત પણ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે? ઓસ્ટ્રેલિયા વિશ્વનો એવો પહેલો દેશ બન્યો છે જેણે પોતાના ત્યાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. પીએમ નરેન્દ્ર મોદીએ આ નિર્ણયને એક મોટી શીખ ગણાવી છે. મેલબોર્નમાં આયોજિત ભારત-ઓસ્ટ્રેલિયા શિખર સંમેલનમાં બોલતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને બાકીના દેશોએ પણ ઓસ્ટ્રેલિયાના આ પ્રશંસનીય પગલામાંથી ઘણું બધું શીખ્યું છે.

રિપોર્ટ્સ અનુસાર, ઓસ્ટ્રેલિયામાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ત્યાંના પીએમ એન્થની અલ્બનીઝની હાજરીમાં પીએમ મોદીએ આ કડક કાયદાની જોરદાર પ્રશંસા કરી છે. પીએમ મોદીએ કહ્યું કે, જે રીતે ઓસ્ટ્રેલિયા IT અને સોશિયલ મીડિયા સાથે જોડાયેલા કાયદાઓમાં મહત્ત્વના ફેરફારો કરી રહ્યું છે, તે સમાજની સુરક્ષા માટે અત્યંત પ્રેરણાદાયક છે. બાળકોને ઓનલાઈન જોખમો અને ડિજિટલ ખતરાઓથી બચાવવા માટે ઓસ્ટ્રેલિયાએ જે પ્રયાસો કર્યા છે, તેમાંથી ભારત પણ ઘણું શીખી રહ્યું છે. ઓસ્ટ્રેલિયા દુનિયાનો સૌપ્રથમ એવો દેશ છે જેણે બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા બેન કરી દીધું છે. આ કાયદો ડિસેમ્બર ૨૦૨૫માં લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદો અમલી બન્યા બાદ ટિકટોક, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, યૂટ્યૂબ, ઠ અને સ્નેપચેટ જેવા મોટા પ્લેટફોર્મ્સ પર ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના નવું એકાઉન્ટ બનાવવા પર સંપૂર્ણ રોક લગાવી દેવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા સરકારે તમામ સોશિયલ મીડિયા કંપનીઓને કડક આદેશ આપ્યા છે કે તેઓ યૂઝર્સની ઉંમરની તપાસ કરવા માટે અત્યંત નક્કર અને કડક પગલાં ઉઠાવે. ઓસ્ટ્રેલિયાના આ ઐતિહાસિક નિર્ણય બાદ હવે વૈશ્વિક સ્તરે એ ચર્ચાએ જોર પકડ્યું છે કે શું બાકીના દેશોમાં પણ ૧૬ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ સંદર્ભમાં બ્રિટનના કાર્યવાહક પીએમ કીર સ્ટાર્મરે પણ બાળકો માટે સોશિયલ મીડિયા પર બેન લગાવવાની તેમજ ગેમિંગ અને લાઈવ સ્ટ્રીમિંગ પર પ્રતિબંધ મૂકવાની મોટી જાહેરાત કરી છે. આ ઉપરાંત કેનેડા, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા જેવા દેશોએ પણ પોતાના ત્યાં આ પ્રકારના અનેક નિયંત્રણો લાદ્યા છે, જ્યારે ફ્રાન્સ, સ્પેન અને દક્ષિણ કોરિયા જેવા દેશો હાલમાં આવા કાયદા પર ગંભીર વિચારણા કરી રહ્યા છે. પીએમ મોદી દ્વારા ઓસ્ટ્રેલિયાના આ સોશિયલ મીડિયા બેનના નિર્ણયની પ્રશંસા કરવાને કારણે સોશિયલ મીડિયા પર એવી અટકળો તેજ થઈ છે કે કદાચ ભવિષ્યમાં ભારત સરકાર પણ આવો કોઈ કાયદો લાવી શકે છે. નોંધનીય છે કે બાળકોને ઓનલાઈન જોખમોથી સુરક્ષિત રાખવા માટે ભારત સરકારે અગાઉ પણ કડક પગલાં લીધાં છે. ભારતના તાજેતરના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ઍક્ટમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના ડેટાને પ્રોસેસ કરવા માટે માતા-પિતાની પરવાનગી લેવી ફરજિયાત કરવામાં આવી છે.




## ચીનમાં મોટી દુર્ઘટના ઘટીઃ જૂતા ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ૨૮ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ



ચીનની એક જૂતા ફેક્ટરીમાં અચાનક ભીષણ આગ લાગવાથી ૨૮ લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના પૂર્વી ફુઝિયાન પ્રાંતના જિજિયાંગ શહેરમાં બની હોવાનું કહેવાય છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં માતમ છવાઈ ગયો છે. રાહત અને બચાવ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, આ ભીષણ આગ બપોરના સમયે લગભગ ૧૨.૦૪ વાગ્યે ચેંટાઈ ટાઉનશિપના ઝિયાંગટો ગામમાં હુઈતેંગ શૂઝ ફેક્ટરીમાં થઈ. જોતજોતામાં આગ એટલી વિકરાળ બની ગઈ કે ફેક્ટરીની અંદર રહેલા લોકોને બહાર નીકળવાનો મોકો પણ મળ્યો નહીં. ચીનની સરકારી સમાચાર એજન્સી સિન્હુઆએ પણ આ ભયાનક દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા ફુટેજમાં આ દુર્ઘટનાનું ખતરનાક રૂપ જોઈ શકાય છે. ફેક્ટરીની બિલ્ડિંગમાંથી આગની મોટી જ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટા જોવા મળે છે. જીવ બચાવવા માટે લોકો ફેક્ટરીની છત પર ચઢી ગયા હતા અને ત્યાંથી મદદ માટે હાથથી ઈશારા કરતા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર આ ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે રેસ્ક્યૂ હેલીકોપ્ટરની પણ મદદ લેવામાં આવી હતી. રાષ્ટ્રપતિ શી ઝિનપિંગે ફસાયેલા લોકોને બચાવવા તથા ઘાયલોની સાથે સાથે તેમના પરિવારને શક્ય મદદ આપવાના કડક આદેશ આપી દીધા છે. તેમણે કહ્યું કે, આ વાતની તરત તપાસ કરો કે આગ કેવી રીતે લાગી અને જે પણ દોષિત હોય તેને છોડવામાં નહીં આવે. આ વર્ષે ચીનમાં થયેલી કેટલીય મોટી દુર્ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે સ્પષ્ટ કહ્યું કે, આખા દેશને આ ત્રાસદીમાંથી બોધપાઠ લેવો જોઈએ. દેશના પ્રધાનમંત્રી લી કિયાંગે પણ આ મામલા પર તરત નિર્દેશ જાહેર કર્યા છે. તેમણે રેસ્ક્યૂ ટીમોને કોઈ પણ પ્રકારના બીજા ખતરાને રોકવા માટે સ્થિતિને સંભાળવાની જવાબદારી આપી. તેની સાથે જ ચીનના ઈમરજન્સી પ્રબંધન મંત્રાલયે આગ પર કાબૂ મેળવવા અને ફેક્ટરીમાં મદદ લોકોની સાચી સંખ્યાની ઓળખ કરવા માટે કહ્યું છે.

# તંત્રી લેખ......

## ભારે વરસાદ અને ખાડી પૂરથી સુરતના ડાયમંડ-ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો ફટકો

સુરતમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન પડેલા ભારે વરસાદ અને ખાડીના પૂરથી શહેરના જનજીવનની સાથે દેશના બે સૌથી મોટા ઉદ્યોગો – ડાયમંડ અને ટેક્સટાઈલ –ને પણ મોટો આર્થિક ફટકો પડ્યો છે. પાણી ભરાવાના કારણે અનેક ઉદ્યોગો અને વેપારી વિસ્તારોમાં ઉત્પાદન તથા વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. ઉદ્યોગ સંકળાયેલા વર્તુળોના પ્રાથમિક અંદાજ મુજબ ટેક્સટાઈલ ક્ષેત્રમાં આશરે ૨૦૦થી ૫૦૦ કરોડ સુધીનું નુકસાન થયું છે, જ્યારે ડાયમંડ ઉદ્યોગમાં લગભગ ૨,૦૦૦થી ૩,૦૦૦ કરોડનો કારોબાર પ્રભાવિત થયો છે.

ખાડી પૂર બાદ રાજ્ય સરકાર દ્વારા સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનઃસ્થાપન કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સરકાર દ્વારા પૂરથી અસરગ્રસ્ત પરિવારો માટે આર્થિક સહાયની જાહેરાત પણ કરવામાં આવી છે, જ્યારે વહીવટી તંત્રને ઝડપથી સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા સૂચના આપવામાં આવી છે.સુરતના વરાછા વિસ્તારને ડાયમંડ ઉદ્યોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે. અહીં આવેલી અનેક હીરા ઘસવાની અને પોલિશિંગ યુનિટોમાં વરસાદી પાણી ઘૂસી જતાં મશીનો, સાધનો અને કાચા માલને નુકસાન થયું હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. અનેક વિસ્તારોમાં પાંચથી છ ફૂટ સુધી પાણી ભરાઈ જતાં ફેક્ટરીઓ ચાર દિવસ સુધી બંધ રાખવાની ફરજ પડી હતી. વરાછાથી સીમાડા નાકા સુધીના વિસ્તારોમાં રહેતા હીરા કારીગરોના ઘરોમાં પણ પાણી ઘૂસી જતાં સામાન્ય જીવન અને રોજગાર બંને પર અસર થઈ છે.

બીજી તરફ, સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ પણ પૂરથી ભારે પ્રભાવિત થયો છે. શહેરમાં આવેલી અંદાજે ૨૪૦ ટેક્સટાઈલ માર્કેટ્સ અને ૧૭ હજારથી વધુ દુકાનોમાંથી મોટી સંખ્યામાં દુકાનોમાં પાણી ભરાઈ ગયું હતું. ખાસ કરીને ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનોમાં સાડી, ડ્રેસ મટિરિયલ અને અન્ય કાપડ ઉપરાંત ફર્નિચર, કોમ્પ્યુટર, એર કન્ડિશનર, બિલિંગ સિસ્ટમ, જીએસટી સંબંધિત દસ્તાવેજો અને અન્ય વ્યવસાયિક સાધનોને નુકસાન થયું છે. ઘણા વેપારીઓ માટે ફરીથી વ્યવસાય શરૂ કરવા વધારાનો ખર્ચ ઊભો થયો છે.

માર્કેટના બેઝમેન્ટમાં પાર્ક કરાયેલા અનેક વાહનો પણ પાણીમાં ડૂબી જતાં વધુ નુકસાન થયું હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. શહેરમાં વર્ષ ૨૦૦૬ બાદ પ્રથમ વખત આટલા મોટા પ્રમાણમાં વેપાર અને ઉદ્યોગને અસર પહોંચી હોવાનું ઉદ્યોગજગતમાં ચર્ચાઈ રહ્યું છે. વેપારીઓનું માનવું છે કે ભારે વરસાદ ઉપરાંત ડ્રેનેજ વ્યવસ્થા અને અન્ય માળખાકીય પડકારોને કારણે પણ પાણીનો ભરાવો વધુ ગંભીર બન્યો હતો.

આ દરમિયાન ભારે વરસાદ સંબંધિત વિવિધ દુર્ઘટનાઓમાં શહેરમાં જાનહાનિ પણ નોંધાઈ છે. વહીવટી તંત્ર રાહત, સફાઈ અને પુનઃસ્થાપન કામગીરીમાં વ્યસ્ત છે, જ્યારે વેપારી સંગઠનોએ ઉદ્યોગોને થયેલા નુકસાનનું સર્વેક્ષણ કરીને વિશેષ રાહત પેકેજ અને ઝડપી સહાયની માંગ કરી છે. ઉદ્યોગજગતનું માનવું છે કે ઉત્પાદન અને વેપાર ફરી સંપૂર્ણ ગતિએ શરૂ થવામાં હજુ થોડો સમય લાગી શકે છે.

### તેલના ખેલથી ખાડાવાળા રસ્તા સહન કરવા પડશે!

## ઈરાન-અમેરિકાનો ઝઘડો ભારતીયોને ભારે પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જ્યારે પણ પશ્ચિમ એશિયા અથવા ખાડી દેશોમાં યુદ્ધની સ્થિતિ સર્જાય છે, ત્યારે આપણી સૌથી પહેલી ચિંતા પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવો વિશે હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે સરહદોથી હજારો કિલોમીટર દૂર ચાલી રહેલું યુદ્ધ તમારા ઘરની બહારના રસ્તાને પણ તોડી શકે છે? જી હા, ઈરાન યુદ્ધ અને હોર્મુઝ કટોકટીની એક એવી આડઅસર સામે આવી છે, જેના વિશે સામાન્ય જનતા અજાણ છે. આ વૈશ્વિક તણાવના કારણે માત્ર વાહનોનું ઈંધણ જ મોંઘું નથી થઈ રહ્યું, પરંતુ નવા રસ્તાઓનું નિર્માણ અને ચોમાસામાં તૂટેલા રસ્તાઓનું સમારકામ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયું છે.

ચાલો સમજીએ કે આંતરરાષ્ટ્રીય સ્તરની આ તેલ રમત ભારતના રસ્તાઓને કેવી રીતે ખાડામાં ધકેલી રહી છે. ઘણાં લોકોને પ્રશ્ન થાય કે રસ્તાના નિર્માણને કાચા તેલ સાથે શું લેવા-દેવા? સામાન્ય રીતે આપણે જેને ડામર કે ટાર કહીએ છીએ, તે વાસ્તવમાં બિટ્યુમેન **(Bitumen)** છે. રસ્તા બનાવવામાં વપરાતું બિટ્યુમેન કાચા તેલમાંથી જ મેળવવામાં આવે છે.

રિફાઈનરીમાં કાચા તેલને ઊંચા તાપમાને ગરમ કરીને પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને ન્ૈ જેવા હળવા તથા કિંમતી ઘટકો અલગ કરવામાં આવે છે. આ પ્રક્રિયાના અંતે જે સૌથી ભારે, કાળો અને ચીકણો પદાર્થ બચે છે, તેને બિટ્યુમેન કહે છે. આ પદાર્થ રસ્તાના નિર્માણમાં પથ્થર, કાંકરી અને માટીને મજબૂતાઈથી પકડી રાખવાનું (બાઈન્ડિંગ) કામ કરે છે. તેના વિના મજબૂત રસ્તો બનાવવો કે ખાડા પૂરવા અશક્ય છે.

ભારત મુખ્યત્વે ઈરાક, યુએઈ, ઈરાન અને ઓમાન જેવા દેશોમાંથી બિટ્યુમેન મંગાવે છે. આ આયાત માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દરિયાઈ માર્ગ સૌથી મહત્ત્વનો છે. ફેબ્રુઆરીના અંતમાં ઈરાન યુદ્ધ શરૂ થવાને કારણે આ દરિયાઈ માર્ગમાં મોટો વિક્ષેપ પડ્યો છે, જેનાથી સપ્લાય ચેઈન તૂટી ગઈ છે. આ પુરવઠો ખોરવાઈ જવાના કારણે બિટ્યુમેનના ભાવ આસમાને પહોંચી ગયા છે. યુદ્ધ પહેલા જે બિટ્યુમેનનો ભાવ આશરે ૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ ટન હતો, તે વધીને સીધો ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ ટન થઈ ગયો છે. ભાવમાં થયેલા આ અચાનક વિસ્ફોટના કારણે દેશભરમાં રોડ પ્રોજેક્ટ્સ પર બ્રેક વાગી ગઈ છે.

ભારતે આ કટોકટીમાંથી ઉગરવા માટે જાન્યુઆરી મહિનાથી ચોખાના ભૂસા **(Rice Husk)**માંથી બાયો-બિટ્યુમેન બનાવવાનું શરૂ કર્યું છે. આ વિકલ્પ પર્યાવરણને અનુકૂળ અને સ્વદેશી છે, પરંતુ ભારતની વાર્ષિક ૯૦ લાખ ટનની વિશાળ માંગ સામે આ વૈકલ્પિક ઉત્પાદન અત્યારે દરિયામાં એક ટીપા સમાન છે. આગામી વર્ષોમાં તેનાથી રાહત મળી શકે છે, પરંતુ વર્તમાન કટોકટી નિવારવા માટે હજુ પણ ક્રૂડ ઓઈલ આધારિત બિટ્યુમેન પર જ નિર્ભર રહેવું પડશે. સામાન્ય રીતે ચોમાસામાં રસ્તાનું કામ બંધ રહેતું હોય છે, પરંતુ આ વર્ષે વૈશ્વિક તણાવને કારણે ચોમાસા પહેલા જ રોડ પ્રોજેક્ટ્સની ગતિ રોકાઈ ગઈ હતી.

ઈરાન યુદ્ધે માત્ર વાહનચાલકો માટે ઈંધણનું સંકટ નથી સર્જ્યું, પણ રસ્તાની ગુણવત્તા સામે પણ સવાલો ઊભા કર્યા છે. જો યુદ્ધ લાંબું ચાલશે, તો ચોમાસા પછી પણ રસ્તા પરના ખાડા પૂરવા મુશ્કેલ બનશે અને જનતાએ તૂટેલા રસ્તાઓ પર સફર કરવા માટે મજબૂર થવું પડશે.

## ભટારમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે પૂર અસરગ્રસ્તોને કેશડોલ્સ સહિતની સહાયનું વિતરણ કરાયું



માહિતી બ્યુરો-સુરત, શુક્રવારઃ સુરતમાં ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત ભટારના આંબેડકર નગર, આઝાદનગર, ઈન્દિરાનગર અને રસુલાબાદના બે હજાર અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ, ઘરવખરી, કપડા સહાય મળીને પ્રત્યેક પરિવારને કુલ રૂ. ૬૮૦૦ ની આર્થિક સહાયનું વિતરણ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ પૂર પ્રભાવિત વિસ્તારોના નાગરિકોને સ્વચ્છતા જાળવવા અને તંત્ર દ્વારા કરવામાં આવી રહેલ ડોર-ટુ-ડોર સર્વેમાં પૂરો સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. તેમણે ખાતરી આપી હતી કે કોઈપણ અસરગ્રસ્ત પરિવાર સહાયથી વંચિત નહીં રહે અને દરેકના ઘરે જઈને આર્થિક સહાય ચૂકવવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વરસાદથી પ્રભાવિત સુરતે ફરી એકવાર પોતાના અદમ્ય સાહસ, ધીરજ અને એકતાનો પરિચય આપ્યો છે. મુશ્કેલ પરિસ્થિતિઓ હોવા છતાં લોકોએ હિંમત હારી નથી અને સકારાત્મક અભિગમ સાથે એકબીજાનો સહારો બનીને સાથે ઊભા રહ્યા છે. જે પરિવારો, વેપારીઓ અને નાગરિકોનો માલ-સામાન અને આજીવિકાને અસર પહોંચી છે, તેવા પ્રત્યેક પરિવારને રૂ.૬૮૦૦ ની સહાય પીઠબળ સમાન બની રહેશે.

દરેક જનપ્રતિનિધિ, રાજ્ય સરકારના અધિકારી-કર્મચારીઓ દરેક મુશ્કેલ પરિસ્થિતિમાં અસરગ્રસ્તોની સાથે મજબૂતીથી ઊભા છે એમ તેમણે ઉમેર્યું કે, આ આર્થિક સહયોગ માત્ર આજ પૂરતો મર્યાદિત નહી રહે, પરંતુ પુનર્વસન અને સામાન્ય જીવન તરફ પાછા ફરવાની સમગ્ર સફરમાં સરકાર પૂર અસરગ્રસ્ત પરિવારોની સાથે ખભે-ખભા મિલાવીને ઊભી રહેશે.

સુરતમાં મુશળધાર વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા કલેક્ટર તેજસ પરમારે તાકીદે સર્વે હાથ ધરવાની સૂચના આપી હતી. જેના અનુસંધાને પ્રાંત અધિકારી (દક્ષિણ) વી.જે.ભંડારીમાં માર્ગદર્શનમાં મજુરા વિસ્તારના અસરગ્રસ્તોનો સર્વે કરી ઘરવખરી તથા મનરેગા યોજના મુજબ દરરોજના મહેનતાણું મળીને કૂલ રૂ.૬૮૦૦ સહાય વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સુરત શહેરમાં અત્યાર સુધીમાં દક્ષિણ પ્રાંત અધિકારી વી.જે. ભંડારીના માર્ગદર્શન હેઠળ અંદાજિત ૨૫૦૦થી વધુ પરિવારોને આર્થિક રાહત પૂરી પાડવામાં આવી છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમાર, મ્યુ. કમિશનર એમ નાગરાજન, પ્રાંત અધિકારી(દક્ષિણ) વી.જે. ભંડારી સહિત સ્થાનિક પ્રશાસનના અધિકારીઓ કામગીરીમાં જોડાયા હતા.

## ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણનુ સ્ફોટક નિવેદન : મહેમદાવાદમાં ૪૮ કુમળી વયની બાળકીઓ માતા બની : બાળલગ્ન અટકાવવામાં તંત્ર નિષ્ફળ

### ગામડાઓમાં ૧૭ વરસની કુમળી ઉંમરે ૧૮ સગીરાઓએ ગર્ભ ધારણ કર્યો : ૪૮ જેટલી બાળકીઓ માતા બની ચુકી : સમાજ સુરક્ષા વિભાગ નિષ્ફળ સાબિત થયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતના રાજકારણ અને સમાજ વ્યવસ્થાને હચમચાવી મુકે તેવુ એક અત્યંત ચોંકાવનારૂ અને સ્ફોટક નિવેદન ખેડા જિલ્લા સાંસદ દેવુસિંહ ચૌહાણ દ્વારા આપવામાં આવ્યુ છે. મહેમદાવાદમાં આયોજીત એક જાહેર ટીબી મુકત અભિયાન કાર્યક્રમ દરમિયાન મંચ પરથી સાંસદે આંકડાકીય માહિતી સાથે સ્વીકાર્યુ હતુ કે તેમના વિસ્તારમાં મોટાપાયે બાળલગ્નો થઈ રહ્યા છે. આ નિવેદન સમયે રાજય મંત્રી સંજયસિંહ મહિડા, ધારાસભ્ય પંકજ દેસાઈ અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ પણ મંચ ઉપર ઉપસ્થિત હતા. સાંસદ દેવુસિંહ ચૌહાણે પ્રાંત અધિકારી દ્વારા પીએચસી અને સીએચસી ના કરવામાં આવેલા એક સત્તાવાર




સરકારી સર્વે નો હવાલો આપતા જણાવ્યુ હતુ કે હોસ્પિટલોમાં થતી ૧૦૦ ટકા પ્રસુતિના ડેટા ચેક કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મહેમદાવાદ તાલુકાના કેટલાક ગામડાઓમાં ૧૭ વરસની કુમળી ઉંમરે ૧૮ સગીરાઓએ ગર્ભ ધારણ કર્યો હતો, જયારે ૧૮ વરસની કાયદેસરની ઉંમર વટાવે તે પહેલા જ ૪૮ જેટલી બાળકીઓ માતા બની ચુકી છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે તાલુકામાં ઓછામાં ઓછી ૫૦ દિકરીઓના બાળલગ્ન કરાવી દેવામાં આવ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ મુદ્દે સાંસદે માત્ર તંત્ર પર દોષનો ટોપલો ઢોળવાને બદલે સ્વનિરીક્ષણ કરીને મોટી વાત કહી દીધી હતી. તેમણે જાહેરમાં સ્વીકાર્યુ કે આ ૫૦ બાળલગ્નો થયા તેમાં સમાજ સુરક્ષા વિભાગ તો નિષ્ફળ સાબિત થયો જ છે. પરંતુ તેની સાથે અમે પણ જનપ્રતિનિધિ (નેતાઓ) તરીકે તદ્દન નિષ્ફળ રહ્યા છીએ, તેમણે વધુમાં ઉમેર્યુ કે સમાજમાં વહેલા લગ્ન કરાવી દેવાની રૂઢીચુસ્ત માન્યતાઓના કારણે માસુમ દિકરીઓ બાળપણમાં જ માતા બની રહી છે. અમે હજુ સુધી લોકોમાં કેળવણી લાવી શકયા નથી અને અમારો સંદેશો નીચે સુધી પહોચાડવામાં ઉણા ઉતર્યા છીએ. સાંસદના આ નિવેદન બાદ હવે સરકારી વિભાગો દોડતા થઈ ગયા છે.

## હું બજરંગદળ નો સભ્ય છું તમે કેવી રીતે નોકરી કરો છો હું જોઈ લઉ છું તેમ કહી પોલીસ ને આપી ધમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરની એક દુષ્કર્મ પીડીતા સાથે ફરીયાદ નોંધાવવા પ્રહલાદનગર પોલીસ મથકે આવેલ બજરંગદળના સંયોજકે પોલીસ સાથે ગેરવર્તન કરી કામગીરીમાં અવરોધ ઉભો કરતા પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. બનાવ અંગે પ્રહલાદનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નરવણસિંહ કાબાભાવાળાએ આરોપી તરીકે હર્ષ વાસુદેવ મુથરેજા રહે. રેલનગર નુ નામ આપી જણાવ્યુ હતુ કે, એક દુષ્કર્મના ગુન્હાની અરજીની તપાસ તેઓ પાસે હતી. જે અરજીની તપાસમાં નિવેદન લેવા માટે અરજદારને રૂબરૂ પોલીસ મથકે આવવા ફોન કરેલ હતો. પણ અરજદારે ફોન ઉપાડયો ન હતો, બાદ કૌશિક સરધારા નામના શખ્સે ફોન કરીને જણાવ્યુ હતુ કે અમારા વિશ્વ હિન્દુ પરીષદ રાજકોટ જિલ્લાના પ્રમુખનો ફોન આવેલ અને તેમણે જણાવેલ કે એક મહિલાની ફરીયાદ લેવાની છે, જેથી વિશ્વ હિન્દુ પરીષદના મંત્રી સાથે આવશે. તેમ તેમની ફરીયાદ લઈ લેજો તેમ વાત કરી હતી. વધુમાં પોલીસમેને જણાવ્યુ હતુ કે સાંજના સાડા પાંચ વાગે પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમિયાન અરજદાર મહિલા અને હર્ષ વાસુદેવભાઈ મુથરેજા આવેલ હતા. અરજદાર સાથે રહેલ હર્ષભાઈએ જણાવેલ કે હું બજરંગદળ / વિશ્વ હિન્દુ પરીષદ સૌરાષ્ટ્ર પ્રાંતના સહપ્રમુખ છું, તેમ કહી અરજદારની ફરીયાદ લેતા નથી તેમ કહેલ હતુ, જેથી તેને જણાવેલ કે અરજદારને ફરીયાદ લેવા માટે જ અહી બોલાવેલ છે. તમારે જે કઈ રજુઆત હોય તો તે પીઆઈ ને કરજો, બાદ અરજદાર મહિલા અને હર્ષ મુથરેજાને તેઓ આશરે ૬ વાગે પીઆઈ ઓફીસમાં લઈ ગયેલ હતા.

આ વખતે પ્રહલાદનગર પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ કોન્સ્ટેબલ એકતાબેન રાઠોડને પીઆઈએ તેમની ચેમ્બરમાં બોલાવેલ હતા. અરજદાર મહિલા હોય અને મહિલા અત્યાચાર સંબંધેનો બનાવ હોય, ભોગ બનનાર દુષ્કર્મની ફરીયાદ આપતા હોય જેથી અરજદારની મહિલા પોલીસની હાજરીમાં પુછપરછ કરવી જરૂરી હોય, જેથી અરજદાર સાથે આવેલ હર્ષભાઈને ૩ વખત પીઆઈની ઓફીસમાંથી બહાર જવા કહ્યુ હતું. બાદ તમે અરજદારની ફરીયાદ કેમ લેતા નથી. તેવુ કહી હર્ષ મુથરેજા રાડારાડી કરવા લાગેલ હતા. હર્ષભાઈને રાડો ના પાડવાની અને ઓફીસની બહાર જવાનુ કહેતા ગેરવર્તન કરવા લાગેલ હતા. જેથી બળપ્રયોગ કરી ચેમ્બરની બહાર કાઢેલ હતા. ત્યારે હર્ષભાઈ રાડારાડી કરવા લાગેલ હોય તેમને રાડારાડી નહી કરવા સમજાવતા તે વધુ રાડો પાડી હું બજરંગદળનો સભ્ય છું, તમને બધાને જોઈ લઈશ, તમે બધા કેવા નોકરી કરો છો, તેવુ કહી પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. જેથી પોલીસની ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

## શેખ હસીના ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછા ફરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના ડિસેમ્બર મહિનામાં બાંગ્લાદેશ પાછા ફરી શકે છે. રોયટર્સના એક રિપોર્ટ મુજબ દેશ પાછા ફર્યા બાદ પોતાના સહયોગીઓને મળીને શેખ હસીના કોર્ટ સામે સરન્ડર કરી શકે છે. તેમને બાંગ્લાદેશની એક કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે. તેમની પાર્ટી અવામી લીગ ઉપર પણ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ વર્ષે થયેલી સંસદીય ચૂંટણીમાં શેખ હસીનાની પાર્ટીને ચૂંટણી લડવા દેવાઈ નહતી. રોયટર્સના જણાવ્યાં મુજબ શેખ હસીના અને તેમની પાર્ટીના વરિષ્ઠ નેતા ડિસેમ્બરની આસપાસ ભારતથી બાંગ્લાદેશ પાછા ફરીને સરન્ડર કરવાની યોજના ઘડી રહ્યા છે. દક્ષિણ એશિયાઈ દેશ બાંગ્લાદેશના સૌથી લાંબા સમય સુધી સત્તામાં રહી ચૂકેલા શેખ હસીનાએ કહ્યું કે તેઓ અને તેમની પાર્ટીના સભ્ય સ્વચ્છાએ બે વર્ષ પહેલા જે દેશને છોડીને આવ્યા હતા ત્યાં પાછા ફરવા માંગે છે અને કોર્ટમાં હાજર થવા ઈચ્છે છે. જેનાથી ખબર પડશે કે બાંગ્લાદેશ પોતાના સૌથી પ્રમુખ રાજનીતિક વિરોધીના કેસને કેવી રીતે સંભાળે છે. શેખ હસીનાએ ગુરુવારે મોડી રાતે લગભગ એક કલાક સુધી રોયટર્સ સાથે ફોન પર વાત કરી. તેમણે કહ્યું કે હું પાછી ફરું તો તેઓ મારી ધરપકડ કરી શકે છે,એટલે સુધી કે હત્યા પણ કરી શકે છે. તેમણે વધુમાં કહ્યું કે, આમ છતાં મારે જવું છે. મારી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ વધુ પડતા દમનનો સામનો કરવો પડી રહ્યો છે. જો મોત આવવાનું જ હશે તો હું ઈચ્છું છું કે તે મારી પોતાની જમીન પર આવે જ્યાં મારા માતા પિતા દફન છે અને જ્યાં તેમનું લોહી વહ્યું હતું.

## મુંબઈમાં આત્મહત્યાની વિચિત્ર ઘટના

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત



મુંબઈના ઘાટકોપર-વેસ્ટ માં રિક્ષામાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં એક વ્યક્તિ મૃત અવસ્થામાં મળી આવી હતી. પાર્ક સાઈટ પોલીસ સ્ટેશનની હદમાં બનેલી આ ઘટના આત્મહત્યા હોવાનું પોલીસનું માનવું છે. પોલીસના જણાવ્યા અનુસાર મરનારનું નામ અદનાન વલીઅપ્પા છે. અને તેની ઊંમર ૩૫ વર્ષની છે. પ્રાથમિક દ્રષ્ટિએ અદનાને આત્મહત્યા કરી હોવાનું જણાય છે. જોકે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધીને શું ખરેખર આત્મહત્યાનો જ કેસ છે કે કેમ એની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે અદનાન છેલ્લા ઘણા સમયથી પોતાના કુટુંબથી જુદો રહેતો હતો અને દારૂનો બંધાણી બની ગયો હતો. આ પહેલા પણ તે આત્મહત્યા કરવાની વાત કરી ચૂક્યો હતો.

## પંચમહાલ બાદ સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો આતંકઃ ૧૪ દિવસમાં ૫ માસુમ બાળકીઓના મોત



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં પંચમહાલ બાદ સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરા વાયરસે એન્ટ્રી કરી છે. સાબરકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને સરહદી વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસે ભારે હાહાકાર મચાવી દીધો છે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ની જીએમઈઆરએસ સંચાલિત સીવીલ હોસ્પિટલમાં છેલ્લા ૧૪ દિવસમાં આ જીવલેણ વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકોના મોતના આંકડાએ તંત્રની ઉંઘ ઉડાડી દીધી છે. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરા વાયરસને લઈ લોકોમાં ગભરાહટ ફેલાયો છે. અત્યાર સુધીમાં ૪ શંકાસ્પદ અને ૧ લેબોરેટરી કન્ફર્મ પોઝેટીવ કેસ સહિત કુલ ૫ માસુમ બાળકોના મોત નિપજયા છે. આ ભયાનક પરિસ્થિતિને જોતા આરોગ્ય વિભાગ સફાળુ જાગ્યુ છે અને હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના દર્દીઓ માટે તાબડતોબ અલગ આઈસોલેશન અને કવોરન્ટાઈન વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે. હિંમતનગર સીવીલ હોસ્પિટલમાંથી મળેલી માહિતી મુજબ ગઈ તારીખ ૨૬ જુન થી ૯ જુલાઈ દરમિયાન ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા કુલ ૭ કેસ દાખલ કરવામાં આવ્યા છે. સાબરકાંઠાના રીજીયોનલ ઓપરેશન ઓફીસરના કહેવા પ્રમાણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડનારા બાળકોમાં અલગ અલગ જિલ્લા અને રાજયોના દર્દીઓ સામેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના બનોદરા ગામના એક ૩ વર્ષીય બાળકનુ મોત થયુ હતું. જો કે તેનો લેબ રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો. જયારે પડોશી રાજય રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના બાબારી ગામના એક ૬ વર્ષીય બાળકનુ મોત નિપજયાના ૩ દિવસ બાદ તેનો રીપોર્ટ પોઝેટીવ આવ્યો હતો. જે અત્યંત ચિંતાજનક બાબત છે. આ જીવલેણ વાયરસ માત્ર સ્થાનિક સ્તરે જ નહી પરંતુ અન્ય જિલ્લાઓમાં પણ ફેલાઈ રહ્યો હોવાના સંકેત છે. પંચમહાલ જિલ્લાના વેજલપુર વ્યાસડા ગામની એક ૧૧ વર્ષીય બાળકીનુ પણ હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયુ છે. જેના સેમ્પલ પુણેની નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વીરોલોજી ખાતે મોકલવામાં આવ્યા છે અને તેનો રીપોર્ટ હાલ પેન્ડીંગ છે. આ ઉપરાંત અન્ય કેટલાક દર્દીઓ હાલ હોસ્પિટલના સ્પેશ્યલ વોર્ડ માં સઘન સારવાર હેઠળ મોનીટરીંગ રાખવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્ય વિભાગના એપીડેમીક અધિકારી આ અંગે ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યુ હતુ કે વડાલી તાલુકાના રહેડા ગામના એક બાળકનુ પણ શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કારણે કરૂણ મોત નિપજયુ હતું. આ સિવાય પોશીના તાલુકાના દેમતી ગામના એક બાળકને ગંભીર હાલતમાં હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યુ છે. પરંતુ વાલીઓ બાળકની ગંભીરતા સમજયા વિના અને યોગ્ય સારવાર કરાવવાના બદલે હોસ્પિટલમાંથી બાળકને લઈને પલાયન થઈ ગયા હતા. પરીણામે સમયસર તબીબી સારવાર ન મળવાને કારણે આ શંકાસ્પદ બાળકે પણ જીવ ગુમાવવો પડયો છે. પાછલા ૪૮ કલાક દરમિયાન સાબરકાંઠા જિલ્લાના ફીચોડ અને નાન ચેખલા સહિતના વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસના નવા શંકાસ્પદ કેસો બહાર આવતા આરોગ્ય તંત્ર એકશન મોડ પર આવી ગયુ છે. આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત તમામ ચાર ગામડાઓમાં તાત્કાલીક ધોરણે સ્પેશ્યલ મેડીકલ ટીમો રવાના કરવામાં આવી છે. આ ટીમો દ્વારા ગામના પ્રત્યેક ઘરમાં જઈને ઘનિષ્ઠ હેલ્થ સર્વેક્ષણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. તેમજ તાવ અથવા મગજના સોજા જેવા લક્ષણો ધરાવતા બાળકોનુ સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યુ છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તમામ શંકાસ્પદ કેસો અને સેમ્પલની વિગતો રોજે રોજ ઉચ્ચ કક્ષાએ ગાંધીનગર મોકલવામાં આવી રહી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં સેન્ડ ફલાય (રેતાળ માંખી) ના નાશ માટે પાવડર ડસ્ટીંગ અને જંતુનાશક દવાઓનો છંટકાવ શરૂ કરી દેવાયો છે.


ગરવી ગુજરાત




- એક શુભેચ્છક


PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

શ્રી અમિત શાહના હરિયાળી લોકસભા પ્રોજેક્ટના ભાગરૂપે અમદાવાદ નજીક આવેલા ગોધાવી ગામ ખાતે ૧૦૦ હેક્ટર વિસ્તારમાં ગુજરાતનું સૌથી મોટું 'મહા વન કવચ' બનશે

# મિયાવાકીથી એક ડગલું આગળ: ગુજરાતનું 'વન કવચ' મોડેલ શ્રી અમિત શાહના હરિયાળી લોકસભા વિઝનને આપશે વેગ



જાણીતા ગુજરાતી કવિ ઝીણાભાઈ દેસાઈ ('સ્નેહરશ્મિ') એ જાપાની કાવ્ય પ્રકાર 'હાઈકુ'ના મૂળ આત્મા અને ૧૭ અક્ષરના બંધારણને વફાદાર રહીને તેને ગુજરાતી સાહિત્યમાં રજૂ કર્યો તેના બરાબર છ દાયકા પછી, ગુજરાતે ફરી એકવાર અન્ય એક જાપાની— મિયાવાકી વન વૃક્ષારોપણ- મોડેલને જરા જુદા અને સ્થાનિક પરિસ્થિતિને અનૂરૂપ મૌલિક સ્વરૂપમાં 'વન કવચ'નાં રૂપમાં અપનાવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના મહત્વાકાંક્ષી ગાંધીનગર હરિયાળી લોકસભા અભિયાનના ભાગરૂપે, ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ૧.૨૫ કરોડ રોપાઓ વાવવામાં આવશે. આમાંથી અંદાજે ૬૦ લાખ રોપાઓ વન વિભાગ દ્વારા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં 'વન કવચ' મોડેલનો ઉપયોગ કરીને વાવવામાં આવશે — જે જાપાનીઝ મિયાવાકી મોડેલનું ગુજરાતી કરેલું સંસ્કરણ છે. સ્થાનિક પર્યાવરણીય પરિસ્થિતિઓ માટે ખાસ ડિઝાઈન કરાયેલું આ મોડેલ, વૈજ્ઞાનિક જમીન સુધારણા અને જૈવવિવિધતા સંરક્ષણને જોડીને બગડેલી જમીનને સ્વનિર્ભર દેશી નિવસનતંત્ર (ઈકોસિસ્ટમ) માં બદલવાનો પ્રયાસ કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સમગ્ર દેશમાં 'એક પેડ મા કે નામ' દ્વારા વૃક્ષારોપણ ક્ષેત્રે એક ક્રાંતિ થઈ રહી છે. રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાતને વધુ હરિયાળું બનાવવા માટે વન મહોત્સવ જેવા વિશેષ અભિયાનો થકી એક ઝુંબેશ ઉપાડવામાં આવી છે.

**★વન કવચની સફળતા બાદ તેનો વ્યાપ વધાર્યો**

ગુજરાતના વન અને પર્યાવરણ વિભાગનાં અગ્ર સચિવ વિનોદ રાવે જણાવ્યું કે, "શ્રી અમિત શાહનાં ગાંધીનગર હરિયાળી લોકસભા પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ૬૦૦ હેક્ટર વિસ્તારને આવરી લેતા કુલ ૮૨ 'વન કવચો' વિકસાવવામાં આવશે. તેમાંથી, અમદાવાદ નજીક આવેલા ગોધાવી ગામ ખાતે ૧૦૦ હેક્ટર પર ગુજરાતનું સૌથી મોટું 'મહા વન કવચ' વિકસાવવામાં આવી રહ્યું છે." વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩માં ૧૦૦ હેક્ટર વિસ્તારમાં વન કવચની શરૂઆત થઈ. આ વન કવચ મોડેલને સફળતા મળતા વન વિભાગે વન કવચ હેઠળ ૨૦૨૪-૨૫ દરમિયાન આ વિસ્તાર વધીને ૨૦૦ હેક્ટર અને ૨૦૨૫-૨૬ દરમિયાન ૪૦૦ હેક્ટર કર્યો હતો. ૨૦૨૬ સુધીમાં આ મોડેલ હેઠળ વિકસાવવામાં આવેલો રાજ્યનો કુલ વિસ્તાર ૬૦૦ હેક્ટર સુધી પહોંચી ગયો છે.

**★ગુજરાતમાં વન કવચ મોડેલનો વિસ્તાર**

વન વિભાગનાં અગ્ર સચિવ વિનોદ રાવે ઉમેર્યું કે, "વન કવચ મોડેલની સફળતાનાં આધારે, વન વિભાગ હવે ૨૦૨૬-૨૭ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ૫૦૦ નવી વન કવચ સાઈટો બનાવશે. આ વર્ષે, વન કવચ પહેલ હેઠળ સૂચિત ૧,૧૦૦ હેક્ટરના નવા વૃક્ષારોપણમાંથી અડધાથી વધુ — એટલે કે ૬૦૦ હેક્ટર — માત્ર ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં જ વિકસાવવામાં આવશે."

**★વન કવચ ફજી મિયાવાકી: ગુજરાત શા માટે ઝડપી ગ્રીન કવરને બદલે લાંબા ગાળાના પર્યાવરણને પસંદ કરી રહ્યું છે?**

મૂળ મિયાવાકી પદ્ધતિ જાપાનનાં શંકુદ્રુમ (કોનિફર) પ્રભુત્વ ધરાવતા જંગલો માટે વિકસાવવામાં આવી હતી, તેમાં પ્રતિ ચોરસ મીટર ત્રણથી પાંચ રોપાઓ વાવવામાં આવે છે. આ ગીચ વાવેતર સૂર્યપ્રકાશ, પાણી અને પોષક તત્ત્વો માટે તીવ્ર સ્પર્ધા પેદા કરે છે, જેનાથી માત્ર સૌથી મજબૂત વૃક્ષો જ બચી શકે છે અને ત્રણથી પાંચ વર્ષમાં ઝડપી જંગલનો વિકાસ થાય છે. સામાન્ય મિયાવાકી વાવેતરમાં શરૂઆતમાં પ્રતિ હેક્ટર આશરે ૫૦,૦૦૦ રોપાઓ હોઈ શકે છે, જે કુદરતી સ્પર્ધાને કારણે ધીમે-ધીમે ઘટે છે. જો કે, વન અધિકારીઓના જણાવ્યા અનુસાર, પર્યાવરણશાસ્ત્રીઓએ નોંધ્યું છે કે જાપાની મોડેલનું સીધું અનુકરણ ભારતની દેશી વૃક્ષ પ્રજાતિઓ માટે યોગ્ય ન હોઈ શકે. આપણા ઘણા સ્વદેશી વૃક્ષો વિશાળ ઘેરાવ (કેનોપી) અને વ્યાપક મૂળ તંત્ર વિકસાવે છે જે ઊભી અને આડી બંને દિશામાં ફેલાય છે. અત્યંત ગીચ વાવેતરથી મૂળ વચ્ચે અતિશય સ્પર્ધા થઈ શકે છે, જે તેમના તંદુરસ્ત વિકાસને મર્યાદિત કરે છે અને વાવેતરની લાંબા ગાળાની સ્થિરતા ઘટાડે છે. આ મર્યાદાઓને દૂર કરવા માટે, ગુજરાત વન વિભાગે 'વન કવચ' મોડેલ વિકસાવ્યું છે, જે કુદરતી જંગલના પુનર્જીવનના પર્યાવરણીય સિદ્ધાંતોને જાળવી રાખીને વૃક્ષો વચ્ચે વધુ અંતર રાખે છે. આ મોડેલમાં પ્રતિ ચોરસ મીટર આશરે એક વૃક્ષ વાવવામાં આવે છે, જે સુનિશ્ચિત કરે છે કે મોટા ઘેરાવવાળી પ્રજાતિઓ વચ્ચે ઓછામાં ઓછું બે મીટરનું અંતર રહે. આ વધારાની જગ્યા વૃક્ષોને પૂરતો સૂર્યપ્રકાશ, ભેજ અને પોષક તત્ત્વો મેળવવામાં મદદ કરે છે, જેનાથી તેઓ કુદરતી રીતે બહુસ્તરીય જંગલોમાં રૂપાંતરિત થઈ શકે છે.

**★વન કવચ મિયાવાકી પદ્ધતિથી આ રીતે અલગ પડે છે**

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મોડેલ જમીનની તૈયારીમાં પણ નોંધપાત્ર રીતે અલગ છે. મિયાવાકી ટેક્નિકથી વિપરીત, જેમાં ઘણીવાર સમગ્ર સાઈટની જમીન બદલવાનો સમાવેશ થાય છે, વન કવચ માત્ર રોપણીના ખાડાઓને જ અસર કરે છે જ્યારે જમીનની કુદરતી સ્થિતિને જાળવી રાખે છે. પ્રતિ હેક્ટર આશરે ૧૦,૦૦૦ ખાડાઓ તૈયાર કરવામાં આવે છે, જેમાં વિવિધ દેશી પ્રજાતિઓનો સમાવેશ કરવા માટે નાના અને મોટા બંને પ્રકારના ખાડાઓ બનાવવામાં આવે છે. આનાથી વૃક્ષના મૂળ અસ્પર્શિત જમીનમાં ઊંડે સુધી પ્રવેશી શકે છે, જે તેમને મજબૂત પકડ પૂરી પાડે છે — ગુજરાતમાં આ એક મહત્ત્વનો ફાયદો છે, જ્યાં આબોહવા પરિવર્તનને કારણે વાવાઝોડાં અને ભારે પવનની ઘટનાઓ વધુ વારંવાર બની રહી છે. વન કવચની અન્ય એક વિશિષ્ટ વિશેષતા એ છે કે, તે માત્ર વૃક્ષોની સંખ્યા વધારવાને બદલે કુદરતી જંગલનાં માળખાને ફરીથી બનાવવાની બાબત પર ભાર મૂકે છે. આ વાવેતર ઉપલા સ્તર (અપર-કેનોપી), મધ્યમ સ્તર અને નીચલા સ્તરની પ્રજાતિઓ સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે કુદરતી જંગલોની રચના સાથે ખૂબ જ મળતું આવે છે. આ સ્તરીય વનસ્પતિ વન્યજીવોના આશ્રયસ્થાનની વિવિધતામાં સુધારો કરે છે અને પક્ષીઓ, પતંગિયાં, પરાગનયન કરતા કીટકો, સરિસૃપો, સસ્તન પ્રાણીઓ અને અસંખ્ય જમીનના સૂક્ષ્મજીવો માટે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવે છે.

**★વન કવચ મોડેલ સ્વદેશી જૈવવિવિધતા પર ભાર મૂકે છે**

આ પહેલ સ્વદેશી જૈવવિવિધતા પર વિશેષ ભાર મૂકે છે. ઝડપથી વિકસતી મર્યાદિત વનસ્પતિ પ્રજાતિઓ પર આધાર રાખવાને બદલે, વન વિભાગ એવા સ્થાનિક વૃક્ષો વાવી રહ્યો છે જે હજારો વર્ષોથી ગુજરાતના વન્યજીવો સાથે વિકસ્યા છે. આ પ્રજાતિઓ કુદરતી રીતે સ્થાનિક આબોહવાની પરિસ્થિતિઓને અનુકૂળ છે, તેમને બહારથી ઓછા ખાતર કે માવજતની જરૂર પડે છે અને સમય જતાં તેઓ સ્વનિર્ભર જંગલ નિવસનતંત્ર તરીકે વિકસિત થાય તેવી અપેક્ષા છે. વન અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વન્યજીવોના આશ્રયસ્થાનમાં સુધારો કરવાનો, બગડેલી જમીનને પુનઃસ્થાપિત કરવાનો, કાર્બન શોષણ વધારવાનો, જમીનનું સ્વાસ્થ્ય સુધારવાનો, ભેજ સંરક્ષણ કરવાનો અને સમગ્ર પ્રદેશમાં આબોહવા સામે લડવાની ક્ષમતા (ક્લાઈમેટ રેઝિલિયન્સ)ને મજબૂત કરવાનો છે.

## અમદાવાદ મંડળના રણુજ—કટોસણ રોડ રેલખંડ પર ૧૧ જુલાઈએ ૧૨૦ કિમી પ્રતિ કલાકની સ્પીડ ટ્રાયલ: જનતાને રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ





પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ રેલવે અવસંરચના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. મંડળ હેઠળના ૬૩ કિમી લાંબા કટોસણ રોડ—રણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત (CRS) દ્વારા સંરક્ષા નિરીક્ષણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની દિશામાં એક નિર્ણાયક પગલું છે.

CRS નિરીક્ષણ અંતર્ગત તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ રેલખંડ પર ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે એન્જિનની સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે.

આ દરમિયાન રેલવે પ્રશાસન સ્થાનિક નાગરિકોને ખાસ અપીલ કરે છે કે તેઓ રેલવે ટ્રેકની નજીક ન જાય, કોઈપણ સંજોગોમાં રેલવે લાઈન પાર કરવાનો પ્રયાસ ન કરે તેમજ બાળકો અને પશુઓને રેલવે પાટા પરથી સુરક્ષિત અંતરે રાખે. સ્પીડ ટ્રાયલ દરમિયાન થતી કોઈપણ બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે.

**પરિયોજનાની મુખ્ય વિશેષતાઓ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ વિકસાવવામાં આવેલ કટોસણ રોડ—બેચરાજી—રણુજ (૬૩ કિમી) રેલ પ્રોજેક્ટ દેશના રેલવે અવસંરચના વિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થયો છે. આ યોજના રેલ મંત્રાલય અને બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડ (BRCL)ના સંયુક્ત સાહસ (PPP મોડલ) હેઠળ વિકસાવવામાં આવી છે, જેમાં G-RIDE, GIDC અને MSILનો પણ સહભાગ રહ્યો છે. આ પરિયોજનાની સૌથી વિશેષ બાબત એ છે કે તેના દ્વારા ભારતની પ્રથમ ઓટોમોબાઈલ ઉત્પાદન એકમ માટે ઈન-પ્લાન્ટ રેલવે સાઈડિંગ વિકસાવવામાં આવી છે, જેના કારણે ફર્સ્ટ અને લાસ્ટ માઈલ સુધી અવિરત રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ છે. પરિણામે ઓટોમોબાઈલ પરિવહન વધુ ઝડપી, સુરક્ષિત અને ખર્ચ અસરકારક બન્યું છે.

કટોસણ રોડ—બેચરાજી—રણુજ (૬૩ કિમી) ગેજ પરિવર્તન યોજનાને વર્ષ ૨૦૧૭માં મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે રૂ.૧૦૦૦ કરોડના ખર્ચે રેલવે અને G-RIDEના સંયુક્ત સાહસ હેઠળ આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. આ રેલખંડ પર કુલ ૧૪ રેલવે સ્ટેશનો વિકસાવવામાં આવ્યા છે. ઉપરાંત ૯ મોટા પુલ, ૧૦૦ નાના પુલ, ૪૭ રોડ અન્ડર બ્રિજ (RUB/LHS) તથા ૧૬ વળાંકો (કર્વ)નો સમાવેશ થાય છે.

**બેચરાજી સ્ટેશનનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ**

કટોસણ રોડ—રાણુજ રેલખંડનું મુખ્ય સ્ટેશન બેચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજી મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધા અને મંદિરના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવે (GBR)નું વિસ્તરણ બેચરાજી સુધી કરાવ્યું હતું.

**વિસ્તારને મળશે નવી રેલ કનેક્ટિવિટી**

લાંબા સમય સુધી બેચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો અને ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ અને વધુ સારી પરિવહન સુવિધાની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ આ વિસ્તારને આધુનિક રેલ નેટવર્ક સાથે જોડવાની યોજના સાકાર થશે.

**ત્રણ દિવસીય CRS નિરીક્ષણ**

ત્રણ દિવસીય CRS નિરીક્ષણ દરમિયાન પ્રથમ દિવસે કટોસણ રોડથી બેચરાજી, બીજા દિવસે બેચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીના રેલખંડનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવશે.

નિરીક્ષણ પૂર્ણ થયા બાદ રેલવે સંરક્ષા આયુક્ત દ્વારા જરૂરી સુધારા અને ખામીઓ અંગે સૂચનો આપવામાં આવશે. તમામ જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ તથા સંરક્ષા મંજૂરી પ્રાપ્ત થતાં આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

રેલવેનો પ્રયાસ છે કે તમામ ઔપચારિકતાઓ વહેલી તકે પૂર્ણ કરીને આ રેલખંડ પર મુસાફર ટ્રેનોનું સંચાલન શક્ય તેટલું વહેલું શરૂ કરવામાં આવે.

**પ્રાદેશિક વિકાસને મળશે નવી ગતિ**

આ રેલખંડ શરૂ થતાં મહેસાણા અને પાટણ જિલ્લાના મુખ્ય કેન્દ્રો જેવા કે બેચરાજી, ખાંભેલ અને ચાણસ્મા વધુ સારી રેલ કનેક્ટિવિટી સાથે જોડાશે. પરિણામે સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને વેપારીઓને સસ્તી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી ઉપલબ્ધ બનશે. સાથે જ વિશ્વવિખ્યાત બહુચર માતાજીના મંદિરે આવતા લાખો શ્રદ્ધાળુઓની યાત્રા વધુ સરળ બનશે.

આ રેલ પ્રોજેક્ટ વિસ્તારની કૃષિ, લઘુ ઉદ્યોગો, વેપાર અને સ્થાનિક અર્થવ્યવસ્થાને નવી ગતિ આપશે. તેના દ્વારા રોજગારની નવી તકો ઊભી થશે, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને વેગ મળશે તેમજ પર્યાવરણ-અનુકૂળ, ટકાઉ અને ઝડપી રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. વધુ સારી પરિવહન સુવિધાથી દૈનિક મુસાફરો, પ્રવાસન અને વેપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે તેમજ પ્રાદેશિક આર્થિક એકીકરણ ને નવી મજબૂતી મળશે.

## કેતન હત્યાકાંડમાં પિતાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પાસે ન્યાયની ભીખ માંગી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેતન અગ્રવાલ હત્યાકાંડમાં ન્યાયની માગ લઈને તેના પિતા વિશાલ અગ્રવાલે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને એક ભાવુક ઈ-મેલ મોકલ્યો છે. પોતાના પત્રમાં તેમણે કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરાવવા, દોષિતોને કડક સજા અપાવવા અને મામલામાં જલ્દી ન્યાય અપાવવાની અપીલ કરી છે. રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં વિશાલ અગ્રવાલે કહ્યુ કે આ ઈમેલ કોઈ વ્યાવસાયી કે પ્રભાવશાળી વ્યક્તિની રૂપમાં નહીં, પરંતુ એક એવા પિતાના રૂપમાં લખી રહ્યાં છે, જેમણે પોતાના પુત્રને ગુમાવ્યો છે. તેમણે લખ્યું કે હું માત્ર એક પિતા છું, જે પોતાના પુત્ર માટે ન્યાય માગી રહ્યાં છે. તેમણે પત્રમાં કહ્યું કે તેમના પુત્ર કેતનની નિર્દયતાથી હત્યા કરવામાં આવી અને આ ઘટના બાદ પરિવારનું જીવન બદલાઈ ગયું છે. તેમણે લખ્યું કે દરરોજ સસવારે તેમનો પરિવાર તે દર્દ સાથે ઉઠે છે અને દરરોજ રાત્રે એક સવાલ મનમાં રહે છે કે આખરે કેતનને ન્યાય ક્યારે મળશે. વિશાલ અગ્રવાલે પોતાના પરિવાર પર પડેલા દુખનો ઉલ્લેખ કરતા લખ્યું કે પુત્રના મોતના માત્ર ૨૦ દિવસની અંદર તેમણે પોતાના પિતાને પણ ગુમાવી દીધા. તેમના જણાવ્યા પ્રમાણે તેમના પિતા પોતાના પૌત્ર કેતનને ખુબ પ્રેમ કરતા હતા અને તેમના મોતનો આઘાત સહન કરી શક્યા નહીં. તેમણે લખ્યું કે સતત આઘાત અને માનસિક પીડાને કારણે તેમનું બ્લડ પ્રેશર ઘટી ગયું અને અંતે તેમના હદયે કામ કરવાનું બંધ કરી દીધું. તેમણે માત્ર ૨૦ દિવસની અંદર પોતાના પુત્ર અને પિતા, બંનેને ગુમાવી દીધા, જેનાથી આખો પરિવાર તૂટી ગયો. પત્રમાં તેમણે સ્પષ્ટ કર્યુ કે તેમનો પરિવાર કોઈ વિશેષ સુવિધા, છૂટછાટ કે વિશેષ વ્યવહારની માગ કરી રહ્યો નથી. તેમની માગ માત્ર એટલી છે કે મામલાની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં થાય જેથી જલ્દી ન્યાય મળી શકે. તેમણે કહ્યું કે આ અપરાધના દોષિતોને કાયદા હેઠળ કડકમાં કડક સજા મળવી જોઈએ અને ન્યાયમાં થનારો વિલંબ પીડિત પરિવારની પીડા વધારે છે.

તેમણે લખ્યું કે કેતન હવે ક્યારેય પરત આવશે નહીં, પરંતુ દોષિતોને તે સંદેશ ન જવો જોઈએ કે તે કાયદાકીય પ્રક્રિયામાં વિલંબ કે તેનાથી બચી શકે છે. તેમના પ્રમાણે દોષિતોને કડક સજા મળવાથી ન માત્ર તેમના પરિવારને થોડી માનસિક શાંતિ મળશે, પરંતુ સમાજમાં તે સંદેશ જશે કે નિર્દોષ લોકોના જીવની કિંમત છે અને આ પ્રકારના ગુનાઓનો ક્યારેય સ્વીકાર કરવામાં આવશે નહીં. રાષ્ટ્રપતિને ભાવુક અપીલ કરતા વિશાલ અગ્રવાલે લખ્યુ કે તેઓ હાથ જોડી વિનંતી કરે છે કે આ મામલા પર વ્યક્તિગત રૂપથી ધ્યાન આપવામાં આવે અને ખાતરી કરવામાં આવે કે તેમના પુત્રને જલ્દી ન્યાય મળે.

## પાટણ જિલ્લાના ચાણસ્મા મામલતદાર કચેરીમાં એસીબીનો સપાટો: વિધવા સહાયના દાખલા માટે લાંચ લેતો ઓપરેટર ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ





ગુજરાત લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી) દ્વારા સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારના દુષણને ડામવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત પાટણ જિલ્લા એસીબીની ટીમે એક સફળ ડીકોય ટ્રેપ ગોઠવીને ચાણસ્મા મામલતદાર કચેરીની વિધવા સહાય શાખાના આઉટસોર્સિંગ કોમ્પ્યુટર ઓપરેટરને લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો.

ગરીબ અને અસહાય મહિલાઓને મળતી વિધવા સહાયના જરૂરી સરકારી દાખલા કાઢી આપવા માટે નાગરીકો પાસેથી ઉઘાડી લુંટ ચલાવતા આ ભ્રષ્ટાચારી કર્મચારીની ધરપકડથી સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. એસીબી પાટણના પીઆઈ એન કે ચૌધરીને લાંબા સમયથી આધારભુત માહિતી અને ફરીયાદો મળી રહી હતી કે ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે વિધવા સહાય માટેના જરૂરી સરકારી દાખલા મેળવવા આવતા ગરીબ અને સામાન્ય નાગરીકો પાસેથી રૂપીયા ૧૦૦ થી લઈને રૂપીયા ૨ હજાર સુધીની ગેરકાયદેસર લાંચની માંગણી કરવામાં આવે છે. આ ચોંકાવનારી હકીકતના આધારે એસીબીની ટીમ દ્વારા તાત્કાલીક ધોરણે આજે શુક્વારે ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે એક વ્યવસ્થિત લાંચના ડીકોય છટકાનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

એસીબી દ્વારા ગોઠવવામાં આવેલા છટકા દરમિયાન જયારે ડીકોય સરકારી પ્રક્રિયા મુજબ વિધવા સહાયના દાખલાની માંગણી કરવા ઓપરેટર પ્રકાશ પરમાર પાસે પહોચ્યો ત્યારે આરોપીએ કામ કરી આપવાના બદલામાં રૂપીયા ૮૦૦ ની રોકડ રકમ માંગી હતી. કચેરીના કમ્પાઉન્ડની ખુલ્લી જગ્યામાં જેવી આરોપીએ આ રકમ સ્વીકારી હતી. જેથી તુરંત જ આસપાસ વોચમાં ગોઠવાયેલી પીઆઈ એન કે ચૌધરી અને તેમની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુન્હો નોંધી આરોપી પ્રકાશકુમાર પરમારની અટકાયત કરી લીધી છે અને તેની વધુ પુછપરછ હાથ ધરી છે. આ કેસમાં કચેરીના અન્ય કોઈ મોટા અધિકારી કે કર્મચારી સામેલ છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.


### પશ્ચિમ રેલ્વે

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નં. S/36/2026, તારીખ 07.07.2026

| ક્ર.નં. | ટેન્ડર નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 294 | 15262022A | એક્સલ બોક્સ પીવોટ બુશ | 15669 નંગ | 24-ઓગસ્ટ-26 |
| 295 | 15265012 | એર સ્પ્રિંગ એસેમ્બલી 160 KN | 2943 નંગ | 10-ઓગસ્ટ-26 |
| 296 | 22263008 | ઓટો ડ્રોપિંગ ડિવાઇસ જોગવાઈ સાથે EMU પેન્ટોગ્રાફ માટે યોગ્ય મેટલાઇઝ્ડ કાર્બન સ્ટ્રીપ્સ | 3254 નંગ | 06-ઓગસ્ટ-26 |
| 297 | 22262126 | સસ્પેન્શન સ્પ્રિંગનો સેટ (હેલિકલ) | 16 સેટ | 05-ઓગસ્ટ-26 |
| 298 | 22263215 | ડિફરન્શિયલ પ્રેશર ગેજ સ્વ-પ્રકાશિત LED (બેકલાઇટ પ્રકાર) | 367 નંગ | 05-ઓગસ્ટ-26 |
| 299 | 15265009 | સુધારેલ ઉચ્ચ તાણયુક્ત ચુસ્ત લોક | 1700 સેટ | 04-ઓગસ્ટ-26 |
| 300 | 07265199A | (OFC) 48 ફાઇબર આર્મર્ડ ઓપ્ટિકલ ફાઇબર કેબલ | 2894.30 કિ.મી. | 04-ઓગસ્ટ-26 |
| 301 | 22263628A | કોમ્પ્રેસર અને સ્કેવેન્જર બ્લોઅર મોટર માટે કોન્ટેક્ટર | 623 નંગ | 03-ઓગસ્ટ-26 |
| 302 | 22262097 | WAP4 લોકો માટે સંપૂર્ણ બ્રેક ગિયર ગોઠવણી | 11 સેટ | 03-ઓગસ્ટ-26 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો અને wr.indianrailways.gov.in

0344

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



### પશ્ચિમ રેલવે

વરિષ્ઠ વિભાગીય વાણિજ્ય - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનીય રેલ્વે મેનેજર, વાણિજ્ય વિભાગ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVTM26-15 | 20-07-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નંબર | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | MSS-BCT-BVI-RCR-106-26-1 (વિવિધ-સ્થિર-સેવાઓ-રેલ કોચ રેસ્ટોરન્ટ) | બોરીવલી સ્ટેશન પર પૂર્વ બાજુના પરિભ્રમણ વિસ્તારમાં "રેલ કોચ રેસ્ટોરન્ટ" ની જોગવાઈ, 23 મીટર X 6 મીટર = 138 ચોરસ ફૂટ કિચન 4.5MX3.6 M16.2 મીટર | 1826 | 20-07-26 15:30:00 |

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-28 | 20-07-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નંબર | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-Int-S1-EMU15car-357-26-1 (જાહેરાત-ટ્રેન આંતરિક) | પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝન પર EMUS રેક્સના 10 નંબર 15 કાર/કોચમાં 5 વર્ષ માટે આંતરિક પેનલ અને રૂટ મેપ દ્વારા જાહેરાતનું પ્રદર્શન. | 1826 | 20-07-26 15:30:00 |
| 2 | ADVT-BCT-BYR-OH-482-26-3 (જાહેરાત - ઘરની બહાર) | ભાયંદર ROB પર નવા હોર્ડિંગ સ્ટ્રક્ચર, 20' X 18' (પાછળ પાછળ) કદના પ્રદર્શન, કુલ 720 ચોરસ ફૂટ વિસ્તાર, 5 વર્ષ માટે જાહેરાતના પ્રદર્શન માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1826 | 20-07-26 15:40:00 |
| 3 | ADVT-BCT-BVI-OH-468-26-1 (જાહેરાત - ઘરની બહાર) | બોરીવલી પરિભ્રમણ વિસ્તારમાં 5 વર્ષ માટે 20 નંબર ગ્લોસાઇન, કુલ 592 ચોરસ ફૂટ વિસ્તાર, સ્થાપન દ્વારા બલ્ક જાહેરાત અધિકારો. | 1826 | 20-07-26 15:50:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212. ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને મુલાકાત લેવા વિનંતી છે. IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલ. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

0340

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



### પશ્ચિમ રેલવે

વરિષ્ઠ વિભાગીય વાણિજ્ય - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનીય રેલ્વે મેનેજર, વાણિજ્ય વિભાગ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-30 | 22-07-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નંબર | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-BSR-OH-488-26-1 (જાહેરાત-ઘર બહાર) | વસઈ રોડ સ્ટેશન પર 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો, 6' X 10' કદનું પ્રદર્શન, કુલ માપવાલાયક વિસ્તાર, 180 ચોરસ ફૂટ. | 1826 | 22-07-26 15:30:00 |
| 2 | ADVT-BCT-UBR-OH-495-26-1 (જાહેરાત-ઘર બહાર) | ROB નજીક, પશ્ચિમ પરિભ્રમણ વિસ્તારમાં, ઉમ્બરગાંવ સ્ટેશન પર નવા હોર્ડિંગ સ્ટ્રક્ચરનું નિર્માણ કરીને જથ્થાબંધ જાહેરાત અધિકારો, 20' X 20' કદનું પ્રદર્શન (એક પછી એક), કુલ માપવાલાયક વિસ્તાર 800 ચોરસ ફૂટ, 5 વર્ષના સમયગાળા માટે. | 1826 | 22-07-26 15:40:00 |
| 3 | ADVT-BCT-DIC-OH-485-26-1 (જાહેરાત-ઘર બહાર) | દહીસર સ્ટેશન, સબવે નજીક, વાડની બાજુમાં, પૂર્વ તરફ, કિ.મી. 36/16બી-36/17બી વચ્ચે, ડિસ્પ્લે કદ 6' X 10'(1), કુલ માપન વિસ્તાર 60 ચોરસ ફૂટ, કુલ માપન વિસ્તાર 60 ચોરસ ફૂટ, LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટે જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 22-07-26 15:50:00 |
| 4 | ADVT-BCT-BYR-OH-487-26-1 (જાહેરાત-ઘર બહાર) | ભાયંદર સ્ટેશન, ૫ વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટે જથ્થાબંધ જાહેરાત અધિકારો. ડિસ્પ્લે કદ 10' X 6'(3) અને 6' X 10' (પાછળ પાછળ), કુલ માપન વિસ્તાર 300 ચોરસ ફૂટ. | 1826 | 22-07-26 16:00:00 |
| 5 | ADVT-BCT-MIRA-OH-486-26-1 (જાહેરાત-ઘર બહાર) | મીરા રોડ અને ભાયંદર સ્ટેશન વચ્ચે, પૂર્વ બાજુએ, ટ્રેકની સાથે, કિમી 41/1B-41/6B વચ્ચે, દક્ષિણ પૂર્વ તરફ, ડિસ્પ્લેનું કદ 6' X 10'(7), કુલ માપન વિસ્તાર 420 ચોરસ ફૂટ, 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 22-07-26 16:10:00 |
| 6 | ADVT-BCT-BVI-OH-484-26-1 (જાહેરાત-ઘર બહાર) | બોરીવલી સ્ટેશન, સબ-સ્ટેશન નજીક, પશ્ચિમમાં, કિમી 34/5A -34/4B વચ્ચે, ડિસ્પ્લે સાઈઝ 6' X 10' (1), કુલ ડિસ્પ્લે એરિયા 60 ચોરસ ફૂટ, 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 22-07-26 16:20:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212. ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને મુલાકાત લેવા વિનંતી છે. IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલ. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

0346

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# અમદાવાદ- ધોલેરા એકસપ્રેસ-વે ને ભાવનગર સુધી લંબાવાશે : ૩ મહિનામાં કામ શરૂ થશે : નીતીન ગડકરી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભારત સરકારના માર્ગ પરીવહન અને રાજમાર્ગ મંત્રી નીતીન ગડકરીએ ગુજરાતના નેશનલ હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સંબંધિત વિભાગોના વરીષ્ઠ સચિવો સાથે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.



આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીના સલાહકારે કરેલા પ્રેઝન્ટેશનમાં મુખ્યત્વે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે ૪૮ ના ૬ લેન, મોરબી-સામખીયાળી માર્ગ પરના સામખીયાળી-માળીયા સેકશન પરના કામો, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ- વડોદરા એકસપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એકસપ્રેસ-વે, પાલનપુર-સામખીયાળી કોરીડોર અને અમદાવાદ-શામળાજી ૬ લેન પ્રોજેકટની વિગતો આપી હતી. રાજયમાં નેશનલ હાઈવે ઓથોરીટી અંતર્ગતના જે પ્રોજેકટની કામગીરી ચાલી રહી છે. તેની વિસ્તૃત સમીક્ષા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે કરતા કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરીએ જણાવ્યુ હતુ કે અમદાવાદ- ધોલેરા એકસપ્રેસ- વે ને ભાવનગર સુધી લંબાવવાનુ કામ આગામી ૩ મહિનામાં શરૂ કરાશે. એટલુ જ નહી સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડમાંથી રાજયના નેશનલ હાઈવેના કામો માટે ફંડ મેળવવા અંગેની દરખાસ્તો ત્વરીતે કેન્દ્રીય મંત્રાલયને મોકલી આપવા તેમણે અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી ગડકરીએ માર્ગોના ઉપર તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબકકે રોડ અલાઈનમેન્ટ માં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજુરી અંગેની કાર્યવાહી ૬૦ દિવસ માટે સ્થગિત કરવાનુ જે મોડલ ગુજરાતે અપનાવ્યુ છે એ માટે મુખ્યમંત્રીને અભિનંદન આપતા જણાવ્યુ હતુ કે ગુજરાતનુ મોડલ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ બની શકે તેમ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પાલનપુર-સામખીયાળી કોરીડોરના કામોમાં ઝડપ લાવવા માટે કેન્દ્રીય મંત્રીને અનુરોધ કર્યો હતો.


# પોલીસ રાજીનામુ મંજુર ન કરતી હોવાનો આક્ષેપઃ ખાતાકીય તપાસ પૂર્ણ થયે કાર્યવાહી થશેઃ જિલ્લા પોલીસવડા

## પોલીસ યુનિફોર્મમાં વિડીયો બનાવી વાયરલ કરતા કોન્સ્ટેબલ વિરૂધ્ધ ઈન્કવાયરી ચાલે છે : જે લાસ્ટ સ્ટેજ માં હોવાથી ટુંક સમયમાં નિર્ણય પણ લેવાશે : એસપી

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડુતોના હક્ક માટે લડવા ૬ મહિના પહેલા રાજીનામુ આપનાર ગ્રામ્ય પોલીસ કોન્સ્ટેબલ સાગર ઝાપડીયાએ પોતાનુ રાજીનામુ મંજુર ન કરવા અને એસપી દ્વારા હેરાનગતિ તથા ધમકી આપવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

આ મામલે એસપી વિજયસિંહ ગુર્જરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે યુનિફોર્મમાં વિડીયો વાયરલ કરવા બદલ કોન્સ્ટેબલ વિરૂધ્ધ ચાલી રહેલી ખાતાકીય ઈન્કવાયરી અંતિમ તબકકામાં છે અને ટુંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. આજે મીડીયા સમક્ષ આવેલ કોન્સ્ટેબલ સાગર ઝાપડીયાએ જણાવ્યુ હતુ કે મારે ખેડુતોના હક્ક માટે લડવુ હોય જેથી ૬ મહિના પહેલા મે પોલીસ વિભાગમાંથી રાજીનામુ આપેલ હતું. જે મારૂ રાજીનામુ મંજુર ન થતા એસપી ને રૂબરૂ મળી રાજીનામુ મંજુર કરવા માટે જણાવ્યુ હતું. હું આમ આદમી પાર્ટીથી પ્રેરીત હોય અને તેના થકી મારે ખેડુતોના હક્ક માટે આંદોલન કરી ખેડુત સેવા કરવી હોય જેથી તે અંગે પોલીસ વિભાગ દ્વારા આ રાજીનામુ મંજુર કરવામાં આવતુ નથી. તેમજ સાતેક વખત રૂબરૂ એસપીને મળેલ પરંતુ કોઈ કાર્યવાહી કરેલ નથી.



ઉપરાંત મને અને મારા પરીવારને ધમકીઓ આપવામાં આવે છે, જેમાં મારી જીંદગી અને કેરીયર બગાડી નાખવાની પણ ધમકીઓ આપવામાં આવી રહી છે. આ રાજીનામુ મંજુર કરવા અંગે રેન્જ આઈજી તેમજ ડીજીપી સુધી પણ રજુઆત કરેલ છે. પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી.

જો કે મીડીયાને માહિતી આપતી વખતે જ ગ્રામ્ય પોલીસ દોડી આવી હતી અને કોન્સ્ટેબલની અટક કરી સાથે લઈ ગઈ હતી.

જે અંગે રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે કોન્સ્ટેબલ સાગર ઝાપડીયાએ જયારે રાજીનામુ આપ્યુ ન હતું ત્યારે ફરજ દરમિયાન એક વિડીયો બનાવી ખોટી અફવાઓ ફેલાવી હતી. જે અંગે તેમના વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવી હતી. જેથી હાલ તે ખાતાકીય તપાસ અંતિમ તબકકામાં છે. જે તપાસ પૂર્ણ થયે તેના રાજીનામા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. હાલ તે આરોપ કે આક્ષેપ લગાવી રહ્યા છે તે તદ્દન પાયાવિહોણા છે.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદોઃ નિવૃત્તિ બાદ સરકારી આવાસ પર અધિકારી દાવો કરી શકતો નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અવલોકન કરતા સ્પષ્ટ કહ્યુ છે કે સરકારી કર્મચારીઓ નિવૃત્તિ બાદ તેમને ફાળવવામાં આવેલા સરકારી કવાર્ટર પર પોતાનો કોઈ કાનુની અધિકાર જમાવી શકતા નથી. કોર્ટે જણાવ્યુ હતુ કે નોકરી દરમિયાન મળેલા સરકારી આવાસને નિવૃત્તિ બાદ વેચી દેવાની માંગણી કે તેના પર કબ્જો ચાલુ રાખવો એ ગેરકાનુની છે અને તે જાહેર સંસાધનોની અનુચિત લુંટ સમાન છે.

આ કેસની વિગત એવી છે કે વિલા-સી કોલોનીના કર્મચારી એસોસીએશનના પ્રમુખ દ્વારા એક અપીલ દાખલ કરવામાં આવી હતી. અપીલ કર્તા એ નીચલી અદાલતના તે આદેશને પડકાર્યો હતો. જેમાં સરકારી કવાર્ટરમાં રહેવાનુ ચાલુ રાખવા અને તે કવાર્ટર ખરીદવા માટેની તેમની માંગણીને નામંજુર કરવામાં આવી હતી. અપીલકર્તાનો મુખ્ય તર્ક એ હતો કે ત્યાં રહેતા વર્ગ-૪ ના કર્મચારીઓ પછાત અને અનુસુચિત જાતિના છે. તેથી તેમને આ કવાર્ટર વેચી દેવા જોઈએ. જસ્ટીસ જે સી દોશી એ આ કેસની સુનાવણી દરમિયાન એન કે પરમાર વિરૂધ્ધ ગુજરાત રાજયના વર્ષ ૧૯૯૨ ના ચુકાદાને ટાંકીને કહ્યુ હતુ કે સરકારી કર્મચારી પાસે એવો કોઈ કાનુની કે નૈતિક અધિકાર નથી કે જે આવાસ તેમને નોકરીના કાર્યકાળ દરમિયાન રહેવા માટે આપવામાં આવ્યા હોય. તે તેમને જ વેચવા માટે તેઓ સરકાર પર દબાણ લાવી શકે, અપીલકર્તા દ્વારા જુના ઠરાવનો સંદર્ભ આપીને જે માંગણી કરવામાં આવી હતી. તેને કોર્ટ ભયાનક અને અસ્વીકાર્ય ગણાવીને ફગાવી દીધી હતી.





કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે સરકારી કર્મચારી નિવૃત્તિ પછી સરકારી પરીસરમાં રહેવાનો કોઈ અધિકાર ધરાવતા નથી. બોમ્બે સીવીલ સર્વિસ રૂલ્સ હેઠળ કર્મચારીઓ જયારે નોકરીમાં હોય ત્યારે જ આવાસનો ઉપયોગ કરી શકે છે. સક્ષમ અધિકારી દ્વારા આદેશ મળે ત્યારે કવાર્ટર ખાલી કરવુ એ કર્મચારીની ફરજ છે. આવી સ્થિતિમાં કવાર્ટર વેચી આપવા માટે કરેલી અરજી કાયદાકીય રીતે પણ ટકી શકે તેમ નથી.

આ કિસ્સામાં અપીલકર્તાની સ્થિતિ પર ટીપ્પણી કરતા કોર્ટે નોંધ્યુ કે અપીલકર્તા પોતે સરકારી કર્મચારી પણ નથી અને તેમને કવાર્ટરની ફાળવણી પણ કરવામાં આવી ન હતી. છતાં તેઓ એકલા હાથે છેલ્લા ૧૪ વરસથી આ કાયદાકીય લડાઈ લડી રહ્યા હતા. કોર્ટે તેમની અરજીને સંપૂર્ણપણે નિરર્થક ગણાવી હતી.

આ કેસમાં સરકારી મિલ્કતનો ઉપયોગ સીવીલ હોસ્પિટલના વિકાસ માટે અને હોસ્ટેલ બનાવવા માટે કરવાનો હોવાથી જાહેર હીતને સર્વોપરી ગણવામાં આવ્યુ હતું. કોર્ટે અંતમાં કડક શબ્દોમાં નોંધ્યુ હતુ કે સરકારી કવાર્ટરનો અનધિકૃત કબ્જો એ માત્ર કરારનો ભંગ નથી. પરંતુ તે જાહેર મિલ્કતનો દુરુપયોગ છે. આ પ્રકારની પ્રવૃત્તિ એક જાહેર ઉપદ્રવ જેવી બની ગઈ છે. જેને કોઈપણ સંજોગોમાં સહન કરી શકાય નહી. આવી ગેરકાનુની માંગણીઓને પ્રોત્સાહન આપવાથી સિસ્ટમ પર વધારાનુ ભારણ આવે છે જેની કોર્ટે ટીકા કરી હતી. આ સમગ્ર કેસમાં કોર્ટે અપીલકર્તાની અરજીને ફગાવી દઈને તેમની ઉપર ૧૦ હજાર રૂપીયાનો દંડ ફટકાર્યા હતો.

# વીજપોલ વળતર મામલે સરકારને ખેડુતોની ખુલ્લી ચેતવણી : રાજસ્થાન જેવુ ૪ ગણુ વળતર નહી મળે તો થાંભલા ઉખેડી નાંખીશું

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીના જેતપર ગામેથી આંદોલન પાર્ટ-૩ માટેનુ રણશીંગુ ફુંકવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાંથી ખેડુત આગેવાનો અને સરપંચોને બુધવારે રેટ બોલાવવામાં આવ્યા હતા અને તેઓની સાથે આંદોલન પાર્ટ ૩ માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ખેડુતોના ખેતરમાં ઉભા કરવામાં આવતા વીજ થાંભલા સામે જો પુરતુ વળતર ન આપવામાં આવે તો થાંભલાને ઉખેડી નાંખવાની ચીમકી ખેડુતો ઉચ્ચારી રહ્યા છે. દરમિયાન ગઈ કાલે ગુરૂવારે રાતે જે ૧૨ જિલ્લાના આગેવાનો સાથે બેઠક કરવામાં આવી હતી. તેમાં સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ , આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાવ થરાદ, મહેસાણા, ગાંધીનગર અને નર્મદા જિલ્લાનો સમાવેશ થતો હતો. આ બેઠકમાં આવેલા ખેડુતોએ સરકારને ખુલ્લી ચેતવણી આપતા કહ્યુ હતુ કે જો ખેડુતોને તેમની જમીનમાં નાખવામાં આવતા વીજપોલ સામે પુરતુ વળતર નહી આપવામાં આવે તો હાલમાં ખેડુતો સરકારને હટાવવા માટે એકત્રિત થયા નથી. પરંતુ વળતર નહી મળે તો ભાજપ વિરોધી મતદાન કરતા પણ ખેડુતો અચકાશે નહી અને આગામી સમયમાં આંદોલન પાર્ટ ૩ શરૂ થશે તે પુરા આક્રોશ સાથે હશે અને તેના માટેની તમામ જવાબદારીઓ સરકારની રહેશે. તાજેતરમાં સરકાર દ્વારા વીજ કંપનીના વીજ પોલ અને કોરીડોર માટે વળતરનો જે નવો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે તેને ૧૨ જિલ્લામાંથી આવેલા ખેડુતોએ લોલીપોપ સમાન ગણાવ્યો છે અને જે રીતે રાજસ્થાનમાં સરકાર ૪ ગણુ વળતર ચુકવે છે તેવી જ રીતે ગુજરાતમાં ખેડુતોને પણ ૪ ગણુ વળતર જોઈએ અને તે નહી મળે તો ખેડુતોના ખેતરમાં થાંભલા ઉભા કરવા નહી દઈએ તેવી ચેતવણી આપવામાં આવી છે. આમ છેલ્લા બે દિવસમાં ગુજરાતના ૨૪ જેટલા જિલ્લામાંથી ખેડુત આગેવાનો જેતપર ઉપવાસી છાવણી ખાતે આવ્યા હતા અને તેઓએ પોતાના સુચનો આપ્યા હતા. હવે આગામી દિવસોમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત લેવલે ખેડુતોની સમિતિઓ બનાવવામાં આવશે અને ત્યારબાદ આયોજનપૂર્વક વળતર મેળવવા આંદોલન પાર્ટ ૩ શરૂ કરવામાં આવશે તેવી માહિતી આંદોલન સમિતિના સભ્યોએ આપી છે.

# સુરત શહેરની ખાડીઓ ઉપર ઊભી થયેલી તોતિંગ માર્કેટો ઉપર બુલડોઝર ચલાવવાને બદલે નાસિરનગરના નિર્દોષ લોકોના ૧૫૦ ઘરો ઉપર બુલડોઝરની કાર્યવાહી કેમ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતમાં ધારાસભ્યથી લઈને ગુજરાતના ગૃહમંત્રી અને હવે નાયબ મુખ્યમંત્રી તરીકે સત્તાના સિંહાસને બિરાજમાન થનારા હર્ષ સંઘવી જયારે સુરતના જ હોય અને એ સુરતમાં ૨૦ વર્ષો ઉપરાંત થી ખાડીની સમસ્યાઓનું નિરાકરણ ના આવે ત્યારે હવે હજુ તો ચોમાસાની શરૂઆતમાં જ આ પરિસ્થિતી હોય ત્યારે આગામી દિવસોમાં સુરતની શું હાલત થશે એ કહેવું મુશ્કેલ છે.

સુરતની વિવિધ વિસ્તારોની આ ખાડીઓમા વર્ષો વર્ષ પૂરની પરિસ્થિતિનું નિર્માણ થતા ખાડીની આજુબાજુના શ્રમ વિસ્તારો અને નાના મોટા ધંધા કરનારા શ્રમિકોને ભારે હાલાકી અને નુકસાન ભોગવવા પડતા હોવા છતાં ગુજરાત સરકાર કે એમના આ બોલકા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ બાબતે કાયમી ધોરણે ખાડી પૂરની સમસ્યાનું નિરાકરણ માટે કેમ વિચારતા નથી?

જ્યારે ઘોડો નાશી ગયા પછી તબેલાને તાળું મારવા નીકળેલા નાયબ મુખ્યમંત્રી અને એમની સરકારના પાપે દર વર્ષે ખાડી પૂરને કારણે હજારો લોકોને લાખોનું નુકસાન થતું હોય છે ત્યારે આ વર્ષે તો એટલી હદે લાખો કરોડોના માલના નુકશાનની સાથે સાથે અત્યાર સુધીમાં ૪૦ ઉપરાંત વ્યક્તિઓના મૃત્યુનો આંકડો બહાર આવ્યો છે. જેમાં કરંટ લાગવાથી, ખુલ્લી ગટરોમાં પડી જવાથી, પાણીમાં ડૂબી જવા સાથે ઝાડ કે મકાનની દિવાલ પડવાથી થયેલા મૃત્યુનો સમાવેશ થાય છે.

સુરતમાં તારીખ ૬ અને તારીખ ૭ ના રોજ પડેલા ભારે વરસાદને કારણે શોપિંગ સેન્ટરોના બેઝમેન્ટમાં આવેલી દુકાનોમાં ભરાયેલા પાણીને કારણે મોબાઈલ,સાડી ,રેડીમેડ કપડા સહિતની અનેક ધંધાકીય દુકાનોમાં ઘૂસેલા પાણીએ લાખો, કરોડોના માલને નુકસાન કરવા સાથે વેપારીઓને આર્થિક, માનસિક રીતે તોડી પાડ્યા છે.

ત્યારે જાણે કે સુરતની ઔપચારિક મુલાકાતે આવ્યા હોય એમ રાજ્યના જવાબદાર મુખ્યમંત્રી એ સ્થળ ઉપરની સ્પોટ વિઝીટ કરવાને બદલે ગુપ્ત સમીક્ષા બેઠક યોજીને જાણે કે સરકારે કુલડીમાં ગોળ ભાંગ્યો હોય એમ ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું. પણ એ અંગે કોઈ ખુલાસાવાર વિગતો આપવાને બદલે નાયબ મુખ્યમંત્રીએ માત્રને માત્ર સરકારની વાહવાહી કરી સંતોષ માન્યો હતો.

એને કારણે રૂપિયા ૫૦૦ કરોડના પેકેજ અંગેની સમય મર્યાદા, અમલીકરણની પ્રક્રિયા અને જવાબદારી નક્કી કરવા અંગેની કોઈ વિગતવાર માહિતી આપી ન હતી. ઉપરાંત પૂર માટે વર્ષોથી જવાબદાર ગણાતા ખાડી ઉપરના ગેરકાયદે દબાણો સામે ક્યારે કાર્યવાહી થશે? બેદરકારી માટે કોની જવાબદારી નક્કી થશે? અસરગ્રસ્તોને વધારાની સહાય મળશે કે નહીં? અને આગામી ચોમાસા પહેલા કયા નક્કર પગલા ભરાશે? જેવા પ્રશ્નોના સ્પષ્ટપણે અને ખુલાસીને કોઈ જવાબો આપવામાં આવ્યા ન હતા.

એક બાજુ રાજ્ય સરકારે ખાડી કિનારાના તમામ ગેરકાયદે દબાણો દૂર કરવાનો કડક નિર્ણય જાહેર કર્યો છે ત્યારે વર્ષોથી ખાડીના કુદરતી પ્રવાહમાં અવરોધરૂપ ગણાતી ટેક્સ્ટાઈલ માર્કેટો, ઝીંગા તળાવો આજે પણ અડીખમ ઊભા છે. જેને સરકારી તંત્ર દૂર કરી શક્યું નથી. એક બાજુ મુખ્યમંત્રી હુંકાર કરતા જણાવે છે કે રાજકીય દખલગીરી નહીં ચાલે અને પાણીના પ્રવાહમાં અવરોધ રૂપ દરેક ગેરકાયદે બાંધકામો હટાવવાનો આપેલો સ્પષ્ટ આદેશ હવે કેટલો અસરકારક રીતે અમલમાં આવે છે? અને અધિકારીઓ કેટલો એનો અમલ કરે છે એ તો સમય જ બતાવશે.

ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે સુરતના લોકો છેલ્લા ચાર- ચાર દિવસથી પાણી, કાદવ , ગંદકી વચ્ચે જીવે છે છતાં ગુજરાતના મુખ્યમંત્રી અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને મૃતકોના પરિવારોને સાંત્વના આપવા જવાને બદલે જાણે કે સુરતની આ મુલાકાત એક પ્રતિકાત્મક મુલાકાત હોય એમ મુખ્યમંત્રીએ ચેમ્બરમાં બેસી સુરતના ખાડી પૂરનું નિરીક્ષણ કરવા સાથે મૂલ્યાંકન કરી રૂપિયા ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે હવે જોવાનું એ છે કે જો ખાડી પાછળ ૫૦૦ કરોડનું આંધણ કર્યા પછી પણ જો કાયમી ધોરણે પૂરની સમસ્યા દૂર નહીં થાય ત્યારે શું?

અને છેલ્લે સવાલ એ ઉભો થાય છે કે જ્યારે વર્ષોથી થયેલા ખાડી ઉપરના ગેરકાયદે દબાણો ઉપર બુલડોઝર ફેરવવા ને બદલે વેડ દરવાજા પાસેના નાસીરનગર ના નિર્દોષ લોકોના ૧૫૦ ઉપરાંત મકાનો ઉપર ચોમાસામાં કોઈ પણ આગોતરી જાણ કર્યા વગર ફેરવવામાં આવેલા બુલડોઝરો માટે કોને જવાબદાર ઠેરવશો?

આમ રૂપિયા ૫૦૦ કરોડના ખાડી પૂર નિયંત્રણ માટે જાહેર કરાયેલા પેકેજ નો અમલ કેવો અને ક્યારે થઈને શહેરીજનોને થતાં નુકશાનમાંથી બચાવે છે એ તો સમય જ કહેશે.

## બિમાર માતા અને દિવ્યાંગ પુત્ર ખાવાના ફાંફા માટે મજબુરઃ મહેનતની કમાણીના ટીવી ફ્રીજ બગડયા

# સુરતમાં ખાડીપૂરે ગરીબોના ઘર ઉજાડયાઃ ટીવી-ફ્રીજમાં પાણી ગરકાવઃ કેમેરા સામે મહિલા રડી પડી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સુરત શહેરમાં વરસેલા ભારે વરસાદ બાદ ખાડીપુરની સ્થિતિએ ગરીબ અને શ્રમિક પરીવારોની કમર તોડી નાંખી છે. સુરતના લીંબાયત વિસ્તારમાં આવેલી મીઠીખાડી ઝોનમાં પૂરના પાણી ઘુસી જતા સેંકડો પરીવારો મુશ્કેલીમાં મુકાયા છે. લોકોએ વરસોની મહેનતથી વસાવેલો ઘરવખરીનો સામાન પાણીમાં નષ્ટ થઈ જતા શ્રમિકો ભારે લાચારીનો અનુભવ કરી રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે પીડીત મહિલાઓએ ગરવી ગુજરાત સક્ષમ પોતાની હૈયાવરાળ ઠાલવી હતી.

મીઠીખાડી વિસ્તારમાં રહેતી એક અત્યંત લાચાર મહિલાની આપવીતી સાંભળીને સૌ કોઈની આંખો ભરાઈ આવી હતી. ઘરમાં એક બિમાર મહિલા અને તેનો દિવ્યાંગ પુત્ર રહે છે. જેઓ પુરના પાણી વચ્ચે અન્યના આશરે જીવવા મજબુર બન્યા છે. પુરના કારણે ઘરમાં રાંધેલુ અનાજ અને તમામ જીવન જરૂરી સામાન પલળી જતા પરીવારને ખાવાના પણ ફાંફા પડી રહ્યા છે.

સંપૂર્ણ કમાણી પાણીમાં ધોવાઈ જતા લાચાર મહિલા મીડીયા સામે જ રડી પડી હતી. પુરના પાણી ઘરોમાં ૩ થી ૪ ફુટ સુધી ભરાઈ જવાને કારણે ઈલેકટ્રોનીસ વસ્તુઓ જેવી કે ટીવી અને ફ્રીજ સંપૂર્ણપણે બગડી ગયા છે.





સ્થાનિક રહીશોનુ કહેવુ છે કે ગરીબ પરીવારો આખો દિવસ મજુરી કરીને પેટીયુ રળે છે અને એક એક રૂપીયો ભેગો કરીને ઘરની સુવિધા વસાવે છે. જે પુરના પાણીમાં એક જ ઝાટકે નષ્ટ થઈ ગઈ છે. આ આકસ્મિક આપત્તિથી શ્રમિકોને મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. સ્થાનિક મહિલાઓએ તંત્ર સામે આક્રોશ ઠાલવતા જણાવ્યુ હતુ કે આ કોઈ એક વરસની સમસ્યા નથી, સુરત મહાનગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખોલતા રહીશોએ કહ્યુ હતુ કે દર વરસે ચોમાસામાં ખાડીપુરના કારણે આ જ સ્થિતિ સર્જાય છે. તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. જેના કારણે દર વખતે ગરીબોના જ ઘર ઉજડે છે. પીડીતોએ સરકાર પાસે તાત્કાલીક સહાય અને આ સમસ્યાના કાયમી નિકાલની માંગ કરી છે.

# ત્રીજા માળની બાલકનીમાં કપડાં સુકવતી સગીરાનું નીચે પટકાતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતની સંસ્કારી નગરી વડોદરામાં એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. તાજેતરમાં વડોદરાના જવાહરનગર વિસ્તારમાં એક એપાર્ટમેન્ટના ત્રીજા માળે આવેલી ઘરની બાલ્કનીમાં કપડાં સૂકવી રહેલી શાલુ યાદવ નામની માસૂમ સગીરાનું ત્રીજા માળેથી નીચે પટકાવાના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે. ઊંચાઈ પર દોરી સુધી હાથ ન પહોંચતો હોવાથી તે બાલ્કનીમાં એક ટેબલ પર ચઢીને કપડાં સૂકવવાનો પ્રયાસ કરી રહી હતી. જે દરમિયાન અચાનક સંતુલન ગુમાવી બેસતા તે સીધી ત્રીજા માળેથી નીચે જમીન પર પટકાઈ હતી. આ આકસ્મિક અને ગમખ્વાર દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને વ્હાલસોયી દીકરીના અકાળે અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. સ્થાનિકો અને પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર, આ ઘટના વડોદરાના જવાહરનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રહેણાંક વિસ્તારમાં બની હતી. સગીરા શાલુ યાદવ રોજિંદા કામના ભાગરૂપે બાલ્કનીમાં ધોયેલા કપડાં સૂકવવા માટે ગઈ હતી. બાલ્કનીમાં બાંધેલી દોરી ઊંચી હોવાને કારણે તેણે નીચે એક ટેબલ મૂક્યું હતું. શાલુ જેવી ટેબલ પર ચઢીને કપડાં ફેલાવવાનો પ્રયત્ન કરવા ગઈ, કે તુરંત જ તેનો પગ લપસ્યો હતો અથવા ટેબલ હલી જતાં તેણે પોતાનું શારીરિક સંતુલન ગુમાવી દીધું હતું. ત્રીજા માળેથી શાલુ સીધી નીચે સિમેન્ટના રોડ પર પટકાતા તેને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં સ્થાનિક લોકો અને પરિવાજનો તેને બચાવવા દોડ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે તેણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. પોતાની આંખો સામે એકની એક વ્હાલસોયી દીકરીને ગુમાવી દેતા માતાનો કરુણ આક્રંદ જોઈને ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

# સુરતના પાંડેસરા વિસ્તારની મહિલાઓએ ભાજપના ધારાસભ્ય મનુ પટેલને ઉધડો લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સુરતમાં પડેલા ભારે વરસાદ અને ખાડીઓ માં આવેલા પુરના કારણે સુરત શહેરના અનેક વિસ્તારોમાં જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થયુ હતું. સતત ૩ દિવસ સુધી ખાડીનુ પાણી રહેણાંક વિસ્તારોમાં ઘુસી જતા હજારો પરીવારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. પાણી ઓસર્યા બાદ હવે સ્થાનિકોમાં તંત્ર અને જનપ્રતિનિધિઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.



પાંડેસરા વિસ્તારના વોર્ડ નં. ૨૮ માં આજે લોકોનો આક્રોશ ખુલ્લેઆમ જોવા મળ્યો હતો. વિસ્તારની મુલાકાતે પહોચેલા ઉધનાના ધારાસભ્ય મનુ પટેલને સ્થાનિકોના ભારે વિરોધનો સામનો કરવો પડયો હતો. ખાસ કરીને મહિલાઓએ ધારાસભ્યને ઘેરી પોતાની વ્યથા વ્યકત કરી હતી અને પુર દરમિયાન ભોગવેલી મુશ્કેલીઓ અંગે ઉગ્ર રજુઆત કરી હતી. સ્થાનિકોનુ કહેવુ છે કે ૩ દિવસ સુધી ઘરોમાં પાણી ભરાયેલા રહ્યા, જેના કારણે દૈનિક જીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયુ હતું. ઘરમાં રહેલો સામાન, ફર્નીચર, ઈલેકટ્રોનીક વસ્તુઓ તેમજ અન્ય જરૂરી ચીજવસ્તુઓને નુકશાન પહોચ્યુ હતું, અનેક પરીવારોને ખોરાક, પીવાનુ પાણી અને દવાઓ જેવી પ્રાથમિક જરૂરીયાતો માટે પણ સંઘર્ષ કરવો પડયો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે પૂર દરમિયાન રાહત અને બચાવ કામગીરી સમયસર પહોચી ન હતી, અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી કાઢવાની કામગીરી પણ મોડેથી શરૂ થઈ હતી. જેના કારણે લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો હતો. સ્થાનિકોનુ કહેવુ છે કે અનેક વખત રજુઆતો છતાં સંબંધિત અધિકારીઓ અને ચુંટાયેલા પ્રતિનિધિઓ સમયસર સ્થળ પર પહોચ્યા ન હતા. સ્થાનિક રહીશોએ સવાલ ઉઠાવ્યો હતો કે દર વરસે વરસાદી સીઝનમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાય છે. તેમ છતાં ડ્રેનેજ વ્યવસ્થા, ખાડીઓની સફાઈ અને પાણીના નિકાલ માટે અસરકારક આયોજન કેમ કરવામાં આવતુ નથી ? આ દરમિયાન સ્થાનિકોએ જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની પણ માંગ કરી હતી.